नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૭

# ઉપાસકદશા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]


'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ-૭

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૭) ઉપાસકદશા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

**અનુવાદક અને સંપાદક**

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

**[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]**

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડૉ૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૫ 'ભગવતી ભાગ-૨'

## અંગસૂત્ર- ૫ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૦૧ | અધ્યયન-૧ આનંદ | ૦૬ | ૦૬ | અધ્યયન-૬ કુંડકોલિક | ૨૧ |
| ૦૨ | અધ્યયન-૨ કામદેવ | ૧૩ | ૦૭ | અધ્યયન-૭ સદ્દાલપુત્ર | ૨૩ |
| ૦૩ | અધ્યયન-૩ ચુલનીપિતા | ૧૭ | ૦૮ | અધ્યયન-૮ મહાશતક | ૨૯ |
| ૦૪ | અધ્યયન-૪ સુરાદેવ | ૧૯ | ૦૯ | અધ્યયન-૯ નંદીનીપિતા | ૩૩ |
| ૦૫ | અધ્યયન-૫ ચુલ્લશતક | ૨૦ | ૧૦ | અધ્યયન-૧૦ સાલિહીપિતા | ૩૪ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય–સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | **मूल आगम साहित्य:–** | 147 | 5 | **आगम अनुक्रम साहित्य:–** | 09 |
| | –1– **आगमसुत्ताणि–मूलं** print | [49] | | –1– આગમ વિષયાનુક્રમ– મૂળ. | 02 |
| | –2– **आगमसुत्ताणि–मूलं** Net | [45] | | –2– **आगम विषयानुक्रम सटीकं.** | 04 |
| | –3– **आगममञ्जूषा मूल प्रत.** | [53] | | –3– **आगम सूत्र–गाथा अनुक्रम** | 03 |
| 2 | **आगम अनुवाद साहित्य:–** | 165 | 6 | **आगम अन्य साहित्य:–** | 10 |
| | –1– આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ | [47] | | –1– આગમ કથાનુયોગ | 06 |
| | –2– **आगमसूत्र हिन्दी अनुवाद** Net | [47] | | –2– **आगम संबंधी साहित्य** | 02 |
| | –3– AagamSootra English | [11] | | –3– **ऋषिभाषित सूत्राणि** | 01 |
| | –4– આગમસૂત્ર સટીક ગુજરાતી | [48] | | –4– **आगमिय सूक्तावली** | 01 |
| | –5– **आगमसूत्र हिन्दी अनुवाद** print | [12] | | **आगम साहित्य– कुल पुस्तक** | 518 |
| 3 | **आगम विवेचन साहित्य:–** | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | –1– **आगमसूत्र सटीकं** | [46] | 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય– | 13 |
| | –2– **आगम** मूलं एवं वृत्ति –1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય– | 06 |
| | –3– **आगम** मूलं एवं वृत्ति –2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય– | 05 |
| | –4– **आगम चूर्णि साहित्य** | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય– | 04 |
| | –5– **सवृत्तिक आगमसूत्राणि**–1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય– | 09 |
| | –6– **सवृत्तिक आगमसूत्राणि**–2 | [08] | 6 | વિધિ સાહિત્ય– | 04 |
| | –7– **सचूर्णिक आगमसुत्ताणि** | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | **आगम कोष साहित्य:–** | 16 | 8 | પરિચય સાહિત્ય– | 04 |
| | –1– **आगम सद्दकोसो** | [04] | 9 | પૂજન સાહિત્ય– | 02 |
| | –2– **आगम कहाकोसो** | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | –3– **आगम–सागर–कोष:** | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય– | 05 |
| | –4– **आगमशब्दादिसंग्रह प्रा–सं–गु.** | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | –5– **आगम बृहत् नाम कोष:** | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ | 85 |

1–આગમ સાહિત્ય કુલ પુસ્તક. 518

2–આગમેતર સાહિત્ય કુલ પુસ્તક. 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૭] ઉપાસકદશા

## અંગસૂત્ર–૭– ગુજરાતી ભાવાનુવાદ

## અધ્યયન-૧ "આનંદ"

### સૂત્ર–૧ થી ૪

૧. તે કાળે, તે સમયે ચંપાનગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતુ.(નગરી અને ચૈત્યનું વર્ણન ઉવવાઈ સૂત્રથી જાણવું)

૨. તે કાળે, તે સમયે આર્યસુધર્મા પધાર્યા. સુધર્માસ્વામીના જ્યેષ્ઠ અંતેવાસી જંબૂએ પર્યુપાસના કરતા કહ્યું – હે ભંતે ! જ્યારે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સિદ્ધિ ગતિ સંપ્રાપ્તે છઠ્ઠા અંગ જ્ઞાતાધર્મકથાનો આ અર્થ કહ્યો છે, તો ભંતે ! સાતમાં અંગ ઉપાસકદશાનો શ્રમણ યાવત્ સંપ્રાપ્તે શો અર્થ કહ્યો છે?

હે જંબૂ! શ્રમણ ભગવાન મહાવીરે સાતમા ઉપાસકદશા અંગસૂત્રના દશ અધ્યયનો કહ્યા છે –

૩. આણંદ, કામદેવ, ચુલનીપિતા, સૂરાદેવ, ચુલ્લશતક, કુંડકોલિક, સદ્દાલપુત્ર, મહાશતક, નંદિનીપિતા, સાલિહીપિતા.

૪. હે ભંતે ! જ્યારે શ્રમણ ભગવંત મહાવીરે ઉપાસકદશાના દશ અધ્યયન કહ્યા છે, તો શ્રમણ ભગવંતે પહેલા અધ્યયનમાં શું કહ્યું છે ?

### સૂત્ર–૫ થી ૭

**૫.** હે જંબૂ ! તે કાળે, તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું, તેની બહાર ઈશાન ખૂણામાં દૂતિપલાશક ચૈત્ય હતું, તે વાણિજ્યગ્રામ નગરમાં જિતશત્રુ રાજા હતો.

તે ગામે આનંદ નામે ધનાઢ્ય યાવત્ અપરિભૂત ગાથાપતિ રહેતો હતો. તે આનંદનું ચાર કરોડ હિરણ્ય નિધાનમાં, ચાર કરોડ હિરણ્ય વ્યાપારમાં, ચાર કરોડ હિરણ્ય ધન–ધાન્યાદિમાં પ્રયુક્ત હતું,

વળી તેને દશ હજાર ગાયોનું એક વ્રજ એવા ચાર વ્રજ–ગોકુળ હતા.

તે આનંદ ગાથાપતિને શિવાનંદા નામે પાંચે ઇન્દ્રિયે પરિપૂર્ણ એવી યાવત્ સુરૂપા પત્ની હતી. જે આનંદ ગાથાપતિને ઇષ્ટ હતી અને તેની સાથે અનુરક્ત, અવિરક્ત, ઇષ્ટ શબ્દ યાવત્ પંચવિધ માનુષી કામભોગોને અનુભવતી વિચરતી હતી.

તે વાણિજ્ય ગ્રામની બહાર ઈશાન ખૂણામાં કોલ્લાગ નામે સમૃદ્ધ, નિરુપદ્રવ યાવત્ પ્રાસાદીય(ચિત્તને પ્રસન્નતા ઉપજાવે તેવું), દર્શનીય, અભિરૂપ(આકર્ષક), પ્રતિરૂપ(મનમાં વસી જાય તેવું) સંનિવેશ હતું.

કોલ્લાગ સંનિવેશમાં આનંદ ગાથાપતિના ઘણા મિત્ર, જ્ઞાતિ, નિજક, સ્વજન, સંબંધી, પરીજન વગેરે નિવાસ કરતા હતા, જે ધનાઢ્ય યાવત્ અપરિભૂત(કોઈ થી પરાભવ ન પામે તેવા) હતા.

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા, પર્ષદા નીકળી, ઉવાવાઈ સૂત્રમાં વર્ણવેલ કોણિક રાજાની માફક જિતશત્રુ રાજા નીકળ્યો, યાવત્ ભગવંતને પર્યુપાસે છે.

ત્યારે તે આનંદ ગાથાપતિએ આ વૃત્તાંત જાણ્યો કે શ્રમણ ભગવંત યાવત્ વિચરે છે. અરિહંત ભગવંતનું તો નામ શ્રાવણ પણ મહાફળ વાળું છે, તો દર્શન વંદનનું તો કહેવું જ શું? યાવત્ હું જાઉં યાવત્ તેમને પર્યુપાસું.

આમ વિચારીને સ્નાન કરી, શુદ્ધ, પ્રાવેશ્ય વસ્ત્રો ધારણ કર્યા યાવત્ અલ્પ પણ મહા મુલ્યવાળા આભરણથી અલંકૃત શરીરે પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને કોરંટ પુષ્પમાળા યુક્ત છત્ર ધારણ કર્યું, મનુષ્ય વર્ગથી ઘેરાઈને પગે ચાલતો વાણિજ્યગ્રામ નગરની મધ્યેથી નીકળ્યો, નીકળીને દૂતિપલાશ ચૈત્યે, શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યો. આવીને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, કરીને વંદન, નમસ્કાર કરી યાવત્ પર્યુપાસે છે.

૬. ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે તે મહા–મોટી પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો, પર્ષદા પાછી ગઈ, રાજા પણ નીકળ્યો.

૭. ત્યારે આનંદ ગાથાપતિએ ભગવંત પાસે ધર્મ સાંભળી, સમજી હર્ષિત–સંતુષ્ટ થઈને કહ્યું – ભગવન્ ! **હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા, નિર્ગ્રન્થ પ્રવચનની રૂચિ કરું છું. ભંતે ! નિર્ગ્રન્થ પ્રવચન એમ જ છે, તથ્ય છે, અવિતથ છે, ઇચ્છિત છે, પ્રતિચ્છિત છે, ઇચ્છિત–પ્રતિચ્છિત છે, જેમ તમે કહો છો.** એમ કહીને – આપ દેવાનુપ્રિય પાસે જેમ ઘણા રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ મુંડ થઈ ઘરથી નીકળી દીક્ષા લે છે, તેમ હું તે રીતે મુંડ યાવત્ દીક્ષિત થવા સમર્થ નથી. પણ હું આપની પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત વાળો બાર પ્રકારનો ગૃહીધર્મ સ્વીકારીશ.

ભગવંતે કહ્યું – જેમ સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો.

સૂત્ર–૮

ત્યારે આનંદ ગાથાપતિ શ્રમણ ભગવંત મહાવીર પાસે –

૧. પહેલા સ્થૂલ પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરે છે. યાવજ્જીવન માટે, (દ્વિવિધ–ત્રિવિધે) મન, વચન, કાયા વડે સ્થૂળ હિંસા કરીશ નહીં, કરાવીશ નહીં.

૨. ત્યારપછી સ્થૂલ મૃષાવાદનું પ્રત્યાખ્યાન કરે છે. યાવજ્જીવન માટે (દ્વિવિધ, ત્રિવિધે)–મન, વચન, કાયાથી જાવજ્જીવને માટે સ્થૂળ મૃષાવાદ કરીશ નહીં, કરાવીશ નહીં.

૩. ત્યારપછી સ્થૂલ અદત્તાદાન નું પ્રત્યાખ્યાન કરે છે, યાવજ્જીવન (દ્વિવિધ, ત્રિવિધે)–મન, વચન, કાયાથી સ્થૂળ અદત્તાદાન(ચોરી) કરીશ નહીં, કરાવીશ નહીં.

૪. ત્યારપછી, સ્વદારાસંતોષ વ્રતમાં મૈથુનનું પરિમાણ(મર્યાદા) કરે છે,– એક શિવાનંદા નામક મારી પત્નીને છોડીને મૈથુનવિધિનો હું ત્યાગ કરું છું.

૫. ત્યારપછી ઇચ્છાવિધિ–પરિમાણ કરતો હિરણ્ય–સુવર્ણ વિધિ પરિમાણ કરે છે, ચાર કોડી નિધાનમાં, ચાર કોડી વ્યાપારમાં, ચાર કોડી પ્રવિસ્તર હિરણ્ય–સુવર્ણ વિધિ સિવાયના સુવર્ણ હિરણ્યનો હું ત્યાગ કરું છું..

પછી ચતુષ્પદ વિધિ–પશુરૂપ સંપત્તિ પરિમાણ કરે છે. ચાર વ્રજને છોડીને સર્વે ચતુષ્પદનો હું ત્યાગ કરું છું.

પછી ક્ષેત્ર–વાસ્તુવિધિ પરિમાણ કરે છે – ૫૦૦ હળથી ખેડી શકાય તેટલી ભૂમિ સિવાયના ક્ષેત્ર – વાસ્તુનો હું ત્યાગ કરું છું.

પછી શકટ વિધિ પરિમાણ કરે છે – દેશાંતર ગમન માટે ૫૦૦ ગાડા અને સંવાહનીય ૫૦૦ ગાડા કરતા વધારે ગાડાનો હું ત્યાગ કરું છું.

પછી વહાણ વિધિ પરિમાણ કરે છે, દેશાંતર ગમન યોગ્ય ચાર વહાણો અને સાંવાહનિક ચાર વહાણો સિવાયના બાકીના વહાણોનો હું ત્યાગ કરું છું.

* ત્યારપછી **ઉપભોગ–પરિભોગ વિધિનું** પ્રત્યાખ્યાન કરતા–

અંગલૂંછણાવિધિ પરિમાણ કરે છે– એક સુગંધિત અને કષાયવર્ણ સિવાય બાકીના અંગલૂંછણા(શરીર લુંછવા માટેનું વસ્ત્ર–ટુવાલ) હું ત્યાગ કરું છું.

પછી દંતધાવન વિધિનું પરિમાણ કરું છું– એક લીલા જેઠીમધુ સિવાયના દાંતણનો હું ત્યાગ કરું છું.

પછી ફલ વિધિ પરિમાણ કરું છું– એક મધુર આમળા સિવાયના ફળનો હું ત્યાગ કરું છું.

પછી અભ્યંગન વિધિ પરિમાણ કરું છું– શતપાક, સહસ્રપાક તેલ સિવાયના અભ્યંગનનો હું ત્યાગ કરું છું.

પછી ઉદ્વર્તના વિધિનું પરિમાણ કરું છું – એક સુગંધી ગંધ ચૂર્ણ સિવાયના ઉદ્વર્તકનો હું ત્યાગ કરું છું.

પછી સ્નાનવિધિનું પરિમાણ કરું છું– આઠ ઔષ્ટ્રિક(ઊંટ આકારના ઘડા જેટલા)પાણીથી વિશેષ પાણીથી

સ્નાનનો હું ત્યાગ કરું છું.

પછી વસ્ત્રવિધિ પરિમાણ કરું છું– એક ક્ષૌમયુગલ(બે સુતારૌવસ્ત્ર) સિવાયના વસ્ત્રનો હું ત્યાગ કરું છું.

પછી વિલેપન વિધિ પરિમાણ કરું છું– અગરુ–કુંકુમ–ચંદનાદિ સિવાયના વિલેપનનો હું ત્યાગ કરું છું.

પછી પુષ્પવિધિ પરિમાણ કરું છું– એક શુદ્ધ પદ્મ અને માલતીપુષ્પ માળા સિવાયના સર્વ પુષ્પોનો ત્યાગ.

પછી આભરણ વિધિ પરિમાણ કરું છું– કાનના કુંડળ અને નામની વીંટી સિવાયના આભરણોનો ત્યાગ.

પછી ધૂપવિધિ પરિમાણ કરું છું – અગરુ, તુરુષ્ક ધૂપાદિ સિવાયના ધૂપનો હું ત્યાગ કરું છું.

પછી ભોજનવિધિ પરિમાણ કરતો પેયવિધિ પરિમાણ કરે છે – એક કાષ્ઠપેય(પીવા યોગ્ય કવાથ–ઉકાળો) સિવાયના બધા પીવા યોગ્ય પેયનો હું ત્યાગ કરું છું.

પછી ભક્ષ્યવિધિ પરિમાણ કરું છે – ઘી થી પરિપૂર્ણ ઘેવર સિવાયની બધા પકવાનોનો હું ત્યાગ કરું છું.

પછી ઓદનવિધિ પરિમાણ કરું છું– એક કલમ જાતિના ચોખા સિવાયના ઓદનનો હું ત્યાગ કરું છું.

પછી સૂપવિધિ પચ્ચક્ખાણ કરું છું– વટાણા, મગ અને અડદના સૂપ સિવાયના સૂપનો હું ત્યાગ કરું છું.

પછી ધૃતવિધિ પરિમાણ કરું છું – શરદઋતુ સંબંધી ગાયના ઘી સિવાયના ઘીનો હું ત્યાગ કરું છું.

પછી શાકવિધિ પરિમાણ કરે છે – વસ્તુ, સુવા, દુધી અને ભિંડા સિવાયના શાકનો હું ત્યાગ કરું છું.

પછી માધુકર વિધિ પરિમાણ કરે છે– મધુર એવા પાલંક(વલ્લી નામે ફળ)ના રસ સિવાયના માધુરકનો હું ત્યાગ કરું છું.

પછી જમણવિધિનું પરિમાણ કરે છે– જમણ અર્થાત વડા, તેમાં કાંજીના વડા અને દાળના વડા સિવાયના જમણ વિધિનો હું ત્યાગ કરું છું.

પછી પાણીવિધિનું પરિમાણ કરે છે– માત્ર આકાશમાંથી પડતા પાણી સિવાયના પાણીનો હું ત્યાગ કરું છું.

પછી મુખવાસવિધિ પરિમાણ કરે છે– પંચ સુગંધી વસ્તુ સહિતના તાંબુલ સિવાયના સર્વ મુખવાસનો ત્યાગ.

*પછી ચાર પ્રકારના અનર્થદંડનો ત્યાગ કરું છું–અપધ્યાન(દુર્ધ્યાન)થી આસેવિત, પ્રમાદ(વિકથા)થી આસેવિત, હિંસ્રપ્રદાન(હિંસાકારી વસ્તુ બીજાને આપવી), પાપકર્મનો ઉપદેશ.

સૂત્ર–૯

અહીં, હે આનંદ ! એમ સંબોધીને શ્રમણ ભગવન્ મહાવીરે આનંદ શ્રાવકને આમ કહ્યું – હે આનંદ ! જેણે જીવા–જીવને જાણ્યા છે યાવત્ અનતિક્રમણીય(દેવ આદિથી ચલિત થઇ શકતા નથી) એવા શ્રાવકે

સમ્યક્ત્વના પ્રધાન પાંચ અતિચાર જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ – શંકા, કાંક્ષા, વિચિકિત્સા, પરપાખંડ પ્રશંસા, પરપાખંડ સંસ્તવ.

પછી શ્રાવકે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– બંધ, વધ, છવિચ્છેદ, અતિભાર, ભક્તપાન વ્યવચ્છેદ.

પછી સ્થૂલ મૃષાવાદ વિરમણના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– સહસા–અભ્યાખ્યાન, રહસ્ય–ભ્યાખ્યાન, સ્વદારા મંત્રભેદ, મૃષોપદેશ, કૂટલેખ કરણ.

પછી સ્થૂલ અદત્તાદાન વિરમણના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– સ્તેનાહૃત, તસ્કરપ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કૂડતુલકૂડમાન, તત્પ્રતિરૂપક વ્યવહાર.

પછી સ્વદારા સંતોષવ્રતના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– ઇત્વરિકપરિગૃહિતાગમન, અપરિગૃહિતાગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ, કામભોગતીવ્રાભિલાષ.

પછી ઇચ્છાપરિમાણ વ્રતના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– ક્ષેત્ર વાસ્તુપ્રમાણાતિક્રમ, હિરણ્યસુવર્ણપ્રમાણાતિક્રમ, દ્વિપદ–ચતુષ્પદ પ્રમાણાતિક્રમ, ધન–ધાન્ય પ્રમાણાતિક્રમ,

અને કુપ્ય પ્રમાણાતિક્રમ.

પછી દિશાવ્રતના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– ઉર્ધ્વ દિશા પ્રમાણાતિક્રમ, અધો દિશા પ્રમાણાતિક્રમ, તિર્છા દિશા પ્રમાણાતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ, સ્મૃતિઅન્તર્ધાન.

પછી ઉપભોગ પરિભોગ– તે બે પ્રકારે કહેલ છે– ભોજનથી અને કર્મથી.

તેમાં ભોજનના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– સચિત્તાહાર, સચિત્તપ્રતિબદ્ધાહાર, અપક્વ ઔષધિ–ભક્ષણ, દુષ્પક્વ ઔષધિ–ભક્ષણ અનેતુચ્છ ઔષધિ–ભક્ષણ.

કર્મથી શ્રાવકે પંદર કર્માદાનો જાણવા પણ તેનું આચરણ ન કરવું. ઇંગાલકર્મ,વનકર્મ, શાટકકર્મ, ભાટકકર્મ અને સ્ફોટકકર્મ, દંતવાણિજ્ય, લાક્ષવાણિજ્ય, રસવાણિજ્ય, વિષવાણિજ્ય અને કેશવાણિજ્ય, યંત્રપીલણકર્મ, નિર્લાંછનકર્મ, દવાગ્નિદાપન, સરદ્રહતળાવ શોષણ, અસતીજનપોષણ.

પછી અનર્થદંડ વિરમણના શ્રાવકોએ પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– કંદર્પ, કૌકુત્ચ્ય, મૌખર્ય, સંયુક્તાધિકરણ અને ઉપભોગ–પરિભોગાતિરિક્ત.

પછી સામાયિકવ્રતના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– મન દુષ્પ્રણિધાન, વચનદુષ્પ્રણિધાન, કાયદુષ્પ્રણિધાન, સામાયિક કરવાનું સ્મરણ ન થવું, અનવસ્થિત સામાયિક કરવું.

પછી દેશાવકાસિકના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– આનયન પ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત, બાહ્યપુદ્ગલપ્રક્ષેપ.

પછી પૌષધોપવાસના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– ૧. અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત અને ૨. અપ્રમાર્જિત – દુષ્પ્રમાર્જિત શચ્યા સંસ્તારક, ૩. અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત અને ૪. અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત ઉચ્ચારણ પ્રસ્રવણ ભૂમિ, ૫. પૌષધોપવાસની સમ્યક્ અનનુપાલના.

પછી યથાસંવિભાગ વ્રતના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– સચિત્તનિક્ષેપણા, સચિત્તપિધાન, કાલાતિક્રમ, પરવ્યપદેશ, મત્સરિતા.

પછી અપશ્ચિમ મારણાંતિક સંલેખણા ઝોષણા આરાધનાના પાંચ મુખ્ય અતિચારો જાણવા, પણ તે દોષોનું આચરણ કરવું નહીં, તે આ– ઇહલોક આશંસા પ્રયોગ, પરલોક આશંસા પ્રયોગ, જીવિત આશંસા પ્રયોગ, મરણ આશંસા પ્રયોગ અને કામભોગ આશંસા પ્રયોગ.

સૂત્ર–૧૦

ત્યારપછી આનંદ ગાથાપતિએ ભગવંત મહાવીર પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતાદિ બાર ભેદે શ્રાવક ધર્મ સ્વીકારીને ભગવંતને વાંદી–નમીને, તેમને કહ્યું– ભગવન્ ! આજથી મારે અન્યતીર્થિક, અન્યતીર્થિકદેવ, અન્યતીર્થિક પરિગૃહીત અરહંત ચૈત્યને વાંદવુ–નમવું ન કલ્પે. તેઓના બોલાવ્યા સિવાય તેઓની સાથે આલાપ–સંલાપ કરવો ન કલ્પે, તેમને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આપવા કે વારંવાર આપવા ન કલ્પે. સિવાય કે રાજા–ગણ–બલ–દેવતાના અભિયોગ કે ગુરુજનના નિગ્રહથી તથા આજીવિકા અભાવે કરવું પડે. –

મારે **શ્રમણ નિર્ગ્રન્થને પ્રાસુક, એષણીય અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, પાદપુંછણ, પીઠ–ફલક, શય્યા–સંસ્તારક, ઔષધ, ભેષજથી પ્રતિલાભતા વિહરવું કલ્પે.** આવો અભિગ્રહ સ્વીકારી, પ્રશ્નો પૂછી, સમાધાન મેળવી, અર્થ ગ્રહણ કરે છે.

ત્યારપછી ભગવંતને ત્રણ વખત વાંદી–નમીને ભગવંત પાસેથી દૂતિપલાશક ચૈત્યથી નીકળે છે, નીકળીને વાણિજ્યગ્રામ નગરે, પોતાના ઘેર આવે છે, આવીને શિવાનંદા પત્નીને કહ્યું – મેં શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળ્યો. તે ધર્મ મને ઇચ્છિત, પ્રતિચ્છિત, અભિરુચિક છે. તો તું પણ ભગવંત પાસે જઈ, વાંદી, પર્યુપાસી, ભગવંત પાસે યાવત્ બારે ભેદે ગૃહીધર્મ સ્વીકાર.

### સૂત્ર–૧૧

ત્યારે આનંદ શ્રાવકને આમ કહેતા સાંભળી શિવાનંદા, હર્ષિત–સંતુષ્ટ થઈ, કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – જલદીથી ધાર્મિક કાર્યો માટે ઉપયોગી રથ તૈયાર કરો યાવત્ ભગવંત પાસે પહોંચીને તેમને પર્યુપાસે છે, ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે, શિવાનંદા અને તે મોટી પર્ષદાને ધર્મ કહ્યો. ત્યારે શિવાનંદા ભગવંત પાસે ધર્મ સાંભળી, સમજી યાવત્ ગૃહીધર્મ સ્વીકાર્યો. તે જ ધાર્મિકયાનપ્રવરમાં બેસીને, જે દિશામાંથી આવેલ, તે દિશામાં પાછી ગઈ.

### સૂત્ર–૧૨ થી ૧૪

**૧૨.** ભંતે ! એમ કહી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી, નમીને કહ્યું – હે ભગવન્ ! આનંદ શ્રાવક આપની પાસે મુંડ યાવત્ દીક્ષિત થવા સમર્થ છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. આનંદ શ્રાવક ઘણા વર્ષ શ્રાવક પર્યાય પાળીને સૌધર્મકલ્પે અરુણ વિમાનમાં દેવપણે ઉપજશે. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ ચાર પલ્યોપમની છે, ત્યાં આનંદ શ્રાવકની પણ ચાર પલ્યોપમ સ્થિતિ થશે.

પછી ભગવંત અન્ય કોઈ દિવસે બાહ્ય યાવત્ વિચરે છે.

**૧૩.** પછી આનંદ, શ્રાવક થયો. જીવાજીવનો જ્ઞાતા થાયો યાવત્ સાધુ–સાધ્વીને પ્રતિલાભિત કરતો વિચરે છે. શિવાનંદા પણ શ્રાવિકા થઈ યાવત્ વિચરે છે.

**૧૪.** ત્યારપછી, તે આનંદને અનેક શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન–પૌષધોપવાસ વડે આત્માને ભાવિત કરતા ચૌદ વર્ષો ગયા. પંદરમાં વર્ષમાં મધ્યમાં વર્તતા, કોઈ દિવસે મધ્યરાત્રિએ ધર્મજાગરિકા કરતા **આવા પ્રકારે અધ્યવસાય, વિચાર, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો** કે – હું વાણિજ્યગ્રામ નગરમાં ઘણા રાજા, ઈશ્વર યાવત્ પોતાના કુટુંબનો યાવત્ આધાર છું. આ વિક્ષેપોથી હું ભગવંત મહાવીર પાસે સ્વીકારેલ ધર્મપ્રજ્ઞપ્તિને કરવાને સમર્થ નથી. મારે ઉચિત છે કે આવતીકાલે યાવત્ સૂર્ય ઊગ્યા પછી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ તૈયાર કરાવી, (ભગવતી સૂત્ર, શતક–૩) પૂરણતાપસમાં કહ્યા મુજબ યાવત્ જ્યેષ્ઠપુત્રને કુટુંબમાં સ્થાપીને, તે મિત્ર, સ્વજન આદિ અને જ્યેષ્ઠ પુત્રને પૂછીને કોલ્લાગ સંનિવેશમાં જ્ઞાતકુલમાં પૌષધશાળા પ્રતિલેખીને શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ પ્રજ્ઞપ્તિને સ્વીકારીને વિચરવું.

આમ વિચારી, બીજે દિવસે પૂર્વવત્ જમી–જમાડીને, ભોજન બાદ તે સ્વજન, મિત્ર આદિને વિપુલ પુષ્પાદિ વડે સત્કારી, સન્માની, તે જ મિત્ર આદિની હાજરીમાં મોટા પુત્રને બોલાવીને કહ્યું – હે પુત્ર ! હું વાણિજ્યગ્રામમાં ઘણા રાજા, ઈશ્વર ઈત્યાદિના અનેક કાર્યોમાં અગ્રેસર આદિ થઈ વિચરું છું પણ મારે ઉચિત છે કે હાલ તને પોતાના કુટુંબના આલંબનાદિરૂપે સ્થાપીને યાવત્ ધર્મપ્રજ્ઞપ્તિ સહ વિચરું. મોટા પુત્રે 'તહત્તિ' કહીને આ અર્થને વિનયથી સ્વીકાર્યો. ત્યારે આનંદે તે જ મિત્ર આદિ સન્મુખ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને કહ્યું – તમે આજથી મને બહુ કાર્યોમાં યાવત્ એક કે વધુ વખત પૂછશો નહીં, મારા માટે અશનાદિ ન કરાવશો, ન સંસ્કારશો.

પછી આનંદે મોટા પુત્ર, મિત્રાદિને પૂછીને પોતાના ઘેરથી નીકળી, વાણિજ્યગ્રામ મધ્યેથી જઈને, કોલ્લાગ સંનિવેશમાં, જ્ઞાતકુલમાં પૌષધશાળા પાસે આવી, તેને પ્રમાર્જી, ઉચ્ચાર–પ્રસ્રવણભૂમિ પ્રતિલેખીને દર્ભ સંસ્તારક પાથરી, પૌષધશાળામાં પૌષધ લઈ દર્ભ સંથારે બેસી, ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને રહ્યો.

### સૂત્ર–૧૫

ત્યારપછી આનંદ શ્રાવક ઉપાસક પ્રતિમા સ્વીકારીને વિચરે છે, પહેલી શ્રાવકપ્રતિજ્ઞા સૂત્રોક્ત વિધિથી, આચાર અનેમાર્ગ અનુસાર, તથ્યથી સમ્યક્ કાયા વડે સ્પર્શે છે, પાળે છે, શોભે છે, પૂર્ણ કરે છે, કીર્તન–આરાધન કરે છે. પછી તે બીજી–ત્રીજી–ચોથી–પાંચમી–છઠ્ઠી યાવત્ અગિયારમી પ્રતિમા યાવત્ આરાધે છે.

### સૂત્ર–૧૬ થી ૧૮

**૧૬.** ત્યારપછી આનંદ શ્રાવક આ આવા ઉદાર, વિપુલ, પ્રયત્નરૂપ, પ્રગૃહીત તપોકર્મથી શુષ્ક યાવત્ કૃશ અને

ધમની વ્યાપ્ત થયો.

ત્યારપછી આનંદ શ્રાવકને અન્ય કોઈ દિને મધ્યરાત્રે **ધર્મ જાગરિકા કરતા આવો સંકલ્પ થયો કે – હું યાવત્ ધમની વ્યાપ્ત થયો છું. હજી મારામાં ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ, શ્રદ્ધા–ધૈર્ય–સંવેગ છે, તો મારામાં જ્યાં સુધી ઉત્થાન યાવત્ સંવેગ છે, મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, જિન–સુહસ્તિ શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં સુધી, મારે ઉચિત છે કે આવતીકાલે યાવત્ સૂર્ય ઉગતા, અપશ્ચિમ મારણાંતિક સંલેખના, આરાધના યુક્ત થઈને, ભાત–પાણીનું પ્રત્યાખ્યાન કરીને કાલની અપેક્ષા ન કરીને વિચરવું.** એમ વિચારીને કોઈ દિવસે શુભ અધ્યવસાય, શુભ પરિણામ, વિશુદ્ધ થતી લેશ્યા, તદાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉપજ્યું. પૂર્વમાં લવણસમુદ્રમાં ૫૦૦ યોજન ક્ષેત્રને જાણે–જુએ છે. એ રીતે દક્ષિણ અને પશ્ચિમમાં જાણવું. ઉત્તરમાં ચુલ્લ હિમવંત વર્ષધર પર્વત સુધી, ઊંચે સૌધર્મ કલ્પ, નીચે આ રત્નપ્રભા પૃથ્વીના ૮૪,૦૦૦ વર્ષ સ્થિતિક રોરુય નરક સુધી જાણે–જુએ છે.

**૧૭.** તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા. પર્ષદા નીકળી યાવત્ ધર્મ શ્રવણ કરી પાછી ગઈ. ત્યારે ભગવંતના મોટા શિષ્ય **ઇન્દ્રભૂતિ અણગાર, જે ગૌતમ ગોત્રીય, સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભનારાચ સંઘયણી, સુવર્ણપુલક નિઘસ પદ્મગૌર, ઉગ્ર–દીપ્ત–તપ્ત–ઘોર–મહાતપસ્વી, ઉદાર, ઘોર ગુણ, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચારી, શરીર મમત્વ ત્યાગી, સંક્ષિપ્ત–વિપુલ તેજોલેશ્યી, નિરંતર છઠ્ઠ–છઠ્ઠ તપોકર્મથી સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરતા હતા.**

ત્યારે **ગૌતમસ્વામીએ છઠ્ઠના પારણે પહેલી પોરિસીએ સજ્ઝાય કરી, બીજી પોરિસીમાં ધ્યાન કર્યુ, ત્રીજીમાં અત્વરિત, અચપળ, અસંભ્રાંતપણે મુહપત્તિ પ્રતિલેખી, પછી પાત્ર અને વસ્ત્રોને પડિલેહીને, તે વસ્ત્ર–પાત્રને પ્રમાર્જીને, પાત્રો ગ્રહણ કરી ભગવંત પાસે આવ્યા, આવીને ભગવંતને વાંદી–નમીને કહ્યું – ભગવન્! આપની અનુજ્ઞા પામી છઠ્ઠના પારણે વાણિજ્યગ્રામ નગરે ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહ સામુદાનિક ભિક્ષાચર્યાએ ભ્રમણ કરવું ઇચ્છુ છું.**

ભગવંતે કહ્યું– સુખ ઉપજે તેમ કરો, વિલંબ ન કરો.

ત્યારે ગૌતમસ્વામી, ભગવંત મહાવીરની અનુજ્ઞા પામીને ભગવંત પાસેથી, દૂતિપલાશક ચૈત્યથી નીકળીને **અત્વરિત–અચપલ–અસંભ્રાંત થઈ, યુગ પ્રમાણ ભૂમિને જોનારી દૃષ્ટિ વડે માર્ગને શોધતા, વાણિજ્ય ગ્રામ નગરે ગયા. જઈને ત્યાં ઉચ્ચ–નીચ–મધ્યમ કુળોમાં ગૃહસમુદાન ભિક્ષાચર્યાએ ફરે છે.** ત્યારે ગૌતમસ્વામીએ વાણિજ્ય ગ્રામે ભગવતી સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ ભિક્ષાચર્યાએ ફરતા, યથાપર્યાપ્ત ભક્તપાન ગ્રહણ કરીને વાણિજ્યગ્રામથી પાછા વળતા, કોલ્લાગ સંનિવેશથી થોડે દૂરથી જતા ઘણા લોકોના અવાજ સાંભળ્યા. તેઓ પરસ્પર કહેતા હતા કે –

હે દેવાનુપ્રિયો ! ભગવંતના શિષ્ય આનંદ શ્રાવક પૌષધશાળામાં અપશ્ચિમ યાવત્ અપેક્ષારહિતપણે વિચરે છે. ત્યારે ગૌતમે ઘણા લોકો પાસે આ વૃત્તાંત સાંભળી, સમજીને આવો સંકલ્પ થયો – હું જાઉં અને આનંદ શ્રાવકને જોઉં. એમ વિચારીને કોલ્લાગ સંનિવેશે આનંદ શ્રાવક પાસે પૌષધશાળાએ આવ્યા.

ત્યારે આનંદશ્રાવકે, ગૌતમસ્વામીને આવતા જોયા. જોઈને યાવત્ હર્ષિત હૃદયી થયો. ગૌતમસ્વામીને વાંદી–નમીને કહ્યું – હું આ ઉદાર તપોકર્મથી યાવત્ ધમની વ્યાપ્ત થયો છું, આપની પાસે આવીને, ત્રણ વખત મસ્તક વડે પાદવંદન કરવાને અસમર્થ છું. ભંતે ! સ્વકીય ઇચ્છાથી, અનભિયોગપણે અહીં આવો, તો આપને ત્રણ વખત મસ્તક વડે વાંદુ–નમું. ત્યારે ગૌતમ, આનંદ પાસે આવ્યા.

**૧૮.** ત્યારે આનંદ શ્રાવકે, ગૌતમસ્વામીને ત્રણ વખત મસ્તક વડે, પગે વાંદી–નમીને પૂછ્યું – ભંતે! ગૃહસ્થીને ગૃહમધ્યે વસતા અવધિજ્ઞાન ઉપજે ? હા, થાય. ભંતે ! જો ગૃહીને યાવત્ ઉપજે, તો મને પણ ગૃહમધ્યે વસતા અવધિજ્ઞાન થયું છે – પૂર્વમાં લવણસમુદ્ર યાવત્ નીચે રોરુય નામે નરકાવાસને હું જાણું છું – જોઉં છું.

ત્યારે ગૌતમસ્વામીએ આનંદ શ્રાવકને કહ્યું – ગૃહસ્થને યાવત્ અવધિજ્ઞાન ઉપજે, પણ આટલુ મોટું નહીં. હે આનંદ! તું, આ સ્થાનની આલોચના કર યાવત્ તપોકર્મને સ્વીકાર.

ત્યારે આનંદે, ગૌતમસ્વામીને કહ્યું – ભંતે ! જિનવચનમાં સત્, તથ્ય, તથાભૂત, સદ્‌ભૂત ભાવોની આલોચના યાવત્ પ્રાયશ્ચિત્ત કરાય છે ? ના, તેમ નથી. ભંતે ! જો જિનવચનમાં સત્ યાવત્ ભાવોની આલોચના યાવત્ તપોકર્મ સ્વીકાર ન હોય તો ભંતે ! આપ જ આ સ્થાનને આલોચો યાવત્ સ્વીકારો.

ત્યારે ગૌતમસ્વામી, આનંદે આમ કહેતા, શંકિત–કાંક્ષિત–વિચિકિત્સા સમાપન્ન થઈ આનંદ પાસેથી નીકળ્યા, નીકળીને દૂતિપલાશ ચૈત્યે ભગવંત પાસે આવી, **ભગવંતથી થોડે દૂર ગમનાગમન પ્રતિક્રમી, એષણા–અનેષણા આલોચીને ભોજન–પાન દેખાડ્યા.** દેખાડીને ભગવંતને વાંદી–નમીને કહ્યું – ભગવન્ ! હું આપની અનુજ્ઞા પામીને આદિ પૂર્વવત્. યાવત્ ત્યારે હું શંકિતાદિ થઈને આનંદ પાસેથી નીકળી, જલદી અહીં આવ્યો. ભંતે ! શું તે સ્થાનની આલોચનાદિ આનંદ કરે કે હું કરું ?

ગૌતમને આમંત્રીને ભગવંતે કહ્યું – હે ગૌતમ ! તું જ તે સ્થાનની આલોચના યાવત્ પ્રાયશ્ચિત્ત કર. આનંદને એ સંબંધે ખમાવ. ત્યારે ગૌતમસ્વામીએ ભગવંત મહાવીરને 'તહત્તિ' કહી આ વાત વિનયથી સ્વીકારીને, તે સ્થાનના આલોચના યાવત્ પ્રતિક્રમણ કર્યા. આનંદને આ સંબંધે ખમાવ્યો. પછી ભગવંત કોઈ દિને બાહ્ય જનપદમાં વિચર્યા.

સૂત્ર–૧૯

ત્યારે તે આનંદ શ્રમણોપાસક, ઘણા શીલવ્રતોથી યાવત્ આત્માને ભાવિત કરતા વીશ વર્ષ **શ્રમણોપાસક પર્યાય પાળીને, અગિયાર ઉપાસક પ્રતિમાને સારી રીતે કાયા વડે સ્પર્શીને, માસિકી સંલેખના વડે આત્માને આરાધીને, ૬૦ ભક્તોને, અનશન વડે છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને, સમાધિ પામી,** કાળ માસે કાળ કરીને, સૌધર્મ કલ્પમાં સૌધર્માવતંસક મહાવિમાનના ઉત્તર–પૂર્વમાં અરુણ વિમાને દેવ થયા.

ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે, ત્યાં આનંદ દેવની પણ ચાર પલ્યોપમની સ્થિતિ છે.

ભગવન્ ! આનંદદેવ તે દેવલોકથી આયુ ક્ષયાદિથી અનંતર ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? હે ગૌતમ ! એ મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે. નિક્ષેપ.

અધ્યયન–૧નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

## અધ્યયન–૨ ' કામદેવ'

સૂત્ર–૨૦, ૨૧

**૨૦.** ભંતે! જો શ્રમણ ભગવંત મહાવીરે યાવત્ સાતમાં અંગસૂત્ર, ઉપાસકદશાના પહેલા અધ્યયનનો આ અર્થ કહ્યો છે, તો ભંતે ! બીજા અધ્યયનનો શો અર્થ છે ?

જંબૂ! તે કાળે, તે સમયે ચંપા નામે નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો, કામદેવ ગાથાપતિ હતો, ભદ્રા તેમની પત્ની હતા. તે કામદેવ ગાથાપતિના છ હિરણ્ય કોડી નિધાનમાં, છ હિરણ્ય કોડી વ્યાજમાં, છ હિરણ્ય કોડી ધન–ધાન્યાદિમાં રોકેલ હતી. તેને ૧૦,૦૦૦ ગાયોનું એક એવા છ વ્રજ હતા.

શ્રમણ ભગવંત મહાવીર પધાર્યા. આનંદની જેમ કામદેવ પણ નીકળ્યો. તેની જેમ શ્રાવકધર્મ સ્વીકાર્યો. તે પ્રમાણે જ મોટા પુત્ર અને મિત્રાદિને પૂછીને પૌષધશાળાએ આવ્યા. આનંદ માફક જ યાવત્ ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારી.

**૨૧.** ત્યારપછી કામદેવ શ્રાવકની પાસે મધ્યરાત્રિ કાળે એક માયી મિથ્યાદષ્ટિ દેવ પ્રગટ થયો. તે દેવે એક મહા પિશાચરૂપ વિકુર્વ્યુ. તે પિશાચરૂપ દેવનો વર્ણન વિસ્તાર આ પ્રમાણે છે – તેનુ માથુ ગાયને ચારો દેવાની ટોપલી જેવું, શાલિ–વાળ ચોખાની મંજરીના તંતુ જેવા, પીળા તેજથી દીપતા હતા. મોટા માટલાના ઠીકરા જેવું કપાળ, નોળિયાની પૂંછ જેવી ફગફગતી ભ્રમરો, વિકૃત–બિભત્સ દર્શનવાળો, માટલા જેવી બહાર નીકળેલ, વિકૃત–બિભત્સ દર્શનવાળી ગોળઆંખો, કાન સૂપડાના ખંડ જેવા વિકૃત–બિભત્સ–દર્શનીય, ઘેટાના નાક જેવું ચપટું નાક, તેના બંને નાસિકાપુટ મોટા છિદ્રવાળા ચૂલા જેવા સંસ્થાન સંસ્થિત હતા. ઘોડાની પૂંછ જેવા દાઢીમૂંછ, પીળા વર્ણના અને વિકૃત દર્શની હતી.

ઊંટ જેવા લાંબા અને કોશ જેવા દાંત, સૂપડા જેવી જીભ, વિકૃત દર્શની હતી. હળના અગ્રભાગ જેવા આકારે દાઢી, ગાલ કડાઈના ખાડા જેવા ફાટેલા, પીળા, વિકરાળ, મોટા હતા. મૃદંગાકાર સમાન સ્કંધ, નગરના કમાળ જેવી છાતી, કોઠીના આકાર જેવી તેની બાહા, નિશાપાષાણ આકારે તેના બંને હસ્તાગ્ર, નિશાલોઢના આકાર જેવી હાથની આંગળી, છીપના દળ જેવા નખો, વાણંદની કોથળી માફક લબડતી છાતી, લોઢાની કોઠી જેવું ગોળ પેટ, કાંજીના કુંડા જેવી નાભિ, શીકાના આકારનું પુરુષ ચિન્હ, કિણ્વ ભરેલ ગુણી આકારે બંને વૃષણો વાળો હતો..

તેના બંને સાથલ કોઠી આકારે હતા. અર્જુન–ઘાસના ગુચ્છ જેવા વાંકા અને વિકૃત બિભત્સ દેખાતા જાનુ, કઠણ અને વાળ વડે વ્યાપ્ત જાંઘ, અધરીશિલા આકારે તેના બંને પગ અને પગની આંગળીઓ, છીપના દળ જેવા નખો, બેડોળ પણે લટકી રહેલ ઘૂંટણ, વિકૃત ખંડિત કુટિલ ભમર, પહોળું કરેલ મુખરૂપી વિવર અને નિર્લાલિત જિહ્વાગ્ર, કાકીડાની માળા પહેરેલ, ઉંદરની માળા વડે સુકૃત ચિહ્ન, કાને કુંડળના સ્થાને, સર્પનું વૈકક્ષવાળો એવો તે આસ્ફોટ કરતો, ગર્જતો, ભયંકર અટ્ટહાસ્ય મૂકતો, વિવિધ પંચવર્ણી રોમ વડે ઉપચિત, એક મહાન નીલોત્પલ–ગવલ–ગુલિક–અતસિકુસુમ જેવી, તીક્ષ્ણ ધારવાળી તલવારને લઈને પૌષધશાળામાં કામદેવ શ્રાવક પાસે આવ્યો.

ત્યાં આવીને અતિ ક્રોધિત, રુષ્ટ, કુપિત, ચાંડિક્ય, દાંત કચકચાવતા તે પિશાચે કામદેવ શ્રાવકને કહ્યું – ઓ કામદેવ શ્રાવક ! અપ્રાર્થિતને પ્રાર્થનાર, દુરંત–પ્રાંત લક્ષણવાળા, હીન–પુન્ય–ચૌદશીયા! હ્રી–શ્રી–ધૃતિ–કૃતિ–પરિવર્જિત ! ધર્મ–પુન્ય–સ્વર્ગ અને મોક્ષની કામનાવાળા, ધર્મ–પુન્ય–સ્વર્ગ–મોક્ષની કાંક્ષાવાળા, ધર્મ આદિના પીપાસુ! દેવાનુપ્રિય! તને, જે શીલ–વ્રત–વેરમણ–પચ્ચક્ખાણ–પૌષધોપવાસને ચલિત–ક્ષોભિત–ખંડિત–ભંજિત –ઉજ્ઝિત કે પરિત્યાગ કરવો કલ્પતો નથી, પરંતુ.

જો તું આજે શીલ યાવત્ પૌષધોપવાસને છોડીશ નહીં કે ભાંગીશ નહીં, તો આજે હું આ નીલોત્પલ યાવત્ કાળી તલવારથી ટુકડે ટુકડા કરી દઈશ. જેથી હે દેવાનુપ્રિય ! તું આર્ત્તધ્યાનની અતિ પીડાથી પીડિત થયેલો અકાળે જીવન રહિત થઈશ. ત્યારે તે કામદેવ શ્રાવક, તે પિશાચરૂપ દેવને આમ કહેતો સાંભળી અભીત, અત્રસ્ત, અનુદ્વિગ્ન, અક્ષુભિત, અચલિત, અસંભ્રાંત–મૌન રહીને ધર્મધ્યાન પ્રાપ્ત થઈ વિચરવા લાગ્યો.

સૂત્ર–૨૨

ત્યારપછી તે પિશાચરૂપે, કામદેવ શ્રાવકને નિર્ભય યાવત્ ધર્મધ્યાનને પ્રાપ્ત થઈ વિચરતો જોઈને બીજી–ત્રીજીવાર પણ કામદેવને કહ્યું – ઓ અપ્રાર્થિતના પ્રાર્થિત કામદેવ શ્રાવક ! જો તું આજ યાવત્ મરવાનો. ત્યારે કામદેવે, તે દેવને બીજી–ત્રીજી વખત આમ કહેતો સાંભળીને પણ ડર્યો નહીં યાવત્ ધર્મધ્યાનમાં રહ્યો, ત્યારે તે પિશાચરૂપ દેવે કામદેવના નિર્ભય યાવત્ જોઈને ક્રોધથી કપાળમાં ત્રિવલિયુક્ત ભ્રૂકુટિ કરીને કામદેવના કાળા કમળ જેવી યાવત્ તલવાર વડે ટૂકડે ટૂકડા કરે છે. ત્યારે કામદેવે તે ઉજ્જ્વલ યાવત્ દુઃસહ્ય વેદના સમ્યક્ સહી યાવત્ અધ્યાસિત કરી(ક્ષમાભાવથી સહન કરી).

સૂત્ર–૨૩

ત્યારે તે પિશાચરૂપ દેવે, કામદેવ શ્રાવકને નિર્ભય યાવત્ ઉપાસનારત વિચરતો જોઈને, જ્યારે તેને નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત–ક્ષોભિત–વિપરિણામિત કરવા સમર્થ ન થયો ત્યારે શ્રાંત, તાંત, પરિત્રાંત થઈને ધીમે–ધીમે પાછો ખસ્યો, ખસીને પૌષધશાળાથી બહાર નીકળ્યો, પછી દિવ્ય પિશાચરૂપ ત્યજીને એક મોટા દિવ્ય હાથીનું રૂપ વિકુર્વ્યુ. જે સપ્તાંગ પ્રતિષ્ઠિત, સમ્યક્ સંસ્થિત, સુજાત, આગળથી ઊંચુ, પાછળથી વરાહ જેવુ, અજાકુક્ષિ, અલંબકુક્ષિ, લાંબા હોઠ અને સૂંઢવાળો, મુકુલાવસ્થા પ્રાપ્ત મોગરા જેવી વિમલ ધવલ દાંતવાળો, સોનાની ખોલીમાં પ્રવિષ્ટ દાંતવાળો, કંઈક ખેંચેલા ધનુષ્યની જેમ વળેલ સુંદર અગ્ર સૂંઢવાળો, કાચબા જેવા પરિપૂર્ણ ચરણ, વીશ નખવાળો, આલીન–પ્રમાણયુક્ત પુચ્છવાળો, મત્તમેઘ જેમ ગર્જના કરતો, મન અને પવનને જિતનાર વેગવાળા દિવ્ય હાથીરૂપને વિકુર્વ્યુ.

પછી પૌષધશાળામાં કામદેવ પાસે આવ્યો, આવીને કામદેવ શ્રાવકને કહ્યું – હે કામદેવ ! ઇત્યાદિ૦ યાવત્ જો તું શીલ, વ્રત આદિ ભાંગીશ નહીં, તો આજે તને સૂંઢથી ગ્રહીને પૌષધશાળાથી બહાર લઈ જઈશ, ઊંચે આકાશમાં ફેંકીશ, ફેંકીને તીક્ષ્ણ દંતમૂશલ વડે ગ્રહણ કરીશ, પછી પૃથ્વીતલે ત્રણ વખત પગ વડે રોળીશ. જેથી તું આર્ત્તધ્યાનથી પરાધીન થઈ અકાળે જીવિતથી રહીત થઈશ.

ત્યારે તે હસ્તિરૂપ દેવે આમ કહેતા, કામદેવ શ્રાવક નિર્ભય યાવત્ ઉપાસના રત રહે છે. ત્યારે તે હાથીરૂપ દેવે કામદેવને નિર્ભય યાવત્ રહેલો જાણીને, બીજી–ત્રીજી વખત કામદેવને કહ્યું – ઓ કામદેવ ! આદિ પૂર્વવત્ યાવત્ તે પણ નિર્ભયપણે વિચરે છે, ત્યારે હાથીરૂપદેવે કામદેવને નિર્ભય યાવત્ વિચરતો જોઈને, અતિ ક્રોધિત થઈને કામદેવને સૂંઢ વડે ગ્રહણ કરીને ઊંચે આકાશમાં ઉછાળ્યો, ઉછાળીને તીક્ષ્ણ દંતમૂશળ વડે ગ્રહણ કરીને નીચે ધરણીતલમાં પગ વડે ત્રણ વખત રોળે છે. ત્યારે કામદેવ શ્રાવકે તે ઉજ્જ્વલ વેદનાને યાવત્ સહન કરી.

સૂત્ર–૨૪

તે હસ્તિરૂપ દેવ, કામદેવ શ્રાવકને જ્યારે વિચલિત કરવા શક્તિમાન ન થયો, ત્યારે ધીમે ધીમે પાછો ખસ્યો, ખસીને પૌષધશાળાથી નીકળ્યો. નીકળીને દિવ્ય હસ્તિરૂપ તજીને એક મહાન દિવ્ય સર્પનું રૂપ વિકુર્વ્યુ. તે ઉગ્ર–ચંડ–ઘોર વિષવાળો, મહાકાય, મષી–મૂષા જેવો કાળો, નયનવિષ અને રોષપૂર્ણ, અંજનપુંજ સમૂહ પેઠે પ્રકાશયુક્ત, લોહી જેવી લાલ આંખોવાળો, લપલપ થતી ચંચળ જીભવાળો,તેની કાળાશથી પૃથ્વીની વેણીરૂપ લાગતો, ઉત્કટ, ઉગ્ર, સ્પષ્ટ, દેદીપ્યમાન, કુટિલ, જટિલ, કર્કશ, કઠોર, વિકટ, ફટાટોપ કરવામાં દક્ષ, લોઢાની ભઠ્ઠી પેઠે 'ધમધમ' શબ્દ કરતો, રોકાય નહિ તેવા તીવ્ર ચંડરોષયુક્ત સર્પરૂપને વિકુર્વ્યુ.

પછી પૌષધશાળામાં કામદેવ શ્રાવક પાસે આવ્યો, આવીને કામદેવને કહ્યું – ઓ કામદેવ ! યાવત્ શીલાદિને ભાંગીશ નહીં, તો આજે હું સરસર કરતો તારા શરીરે ચડીશ, પછી પૂંછડાના ભાગથી ત્રણ વખત ડોકને વીંટી દઈશ, તીક્ષ્ણ–વિષયુક્ત દાઢ વડે, તારી છાતીમાં પ્રહાર કરીશ, તેનાથી તું આર્ત્તધ્યાનથી પરવશ–પીડિત થઈ અકાલે જીવનરહિત થઈશ.

ત્યારે તે કામદેવ, તે સર્પરૂપ દેવને આમ કહેતો સાંભળીને નિર્ભય થઈ યાવત્ વિચરે છે. તેણે પણ બીજી–

ત્રીજી વખત કહ્યું, તો પણ તે કામદેવ નિર્ભય વિચરે છે. ત્યારે સર્પરૂપ દેવે, કામદેવને નિર્ભય જોઈને અતિ ક્રોધિત થઈ, કામદેવ ના શરીરે સરસર કરતો ચડે છે, પૂંછડેથી ડોકને ત્રણ વખત વીંટીને તીક્ષ્ણ–વિષયુક્ત દાઢ વડે છાતીમાં પ્રહાર કરે છે. ત્યારે કામદેવ શ્રાવકે તે ઉજ્જવલ યાવત્ અસહ્ય વેદના સહન કરી.

સૂત્ર–૨૫

ત્યારે તે સર્પરૂપ દેવે, કામદેવ શ્રાવકને નિર્ભય જોઈને, જ્યારે કામદેવને નિર્ગ્રન્થ પ્રવચનને ચલિત–ક્ષુભિત–વિપરિણામિત કરવા સમર્થ ન થયો, ત્યારે શ્રાંત થઈને ધીમે ધીમે પાછો ખસ્યો, ખસીને પૌષધશાળાથી નીકળ્યો, નીકળીને દિવ્ય સર્પરૂપ છોડીને એક મહાન દિવ્ય દેવરૂપ વિકુર્વ્યું, હાર વડે વિરાજિત વક્ષઃસ્થળ યાવત્ દશે દિશાને ઉદ્યોતિત–પ્રભાસિત કરતો એવું પ્રાસાદીય–દર્શનીય–અભિરૂપ–પ્રતિરૂપ દિવ્ય દેવરૂપ વિકુર્વ્યું, વિકુર્વીને કામદેવની પૌષધશાળામાં પ્રવેશ્યો, પ્રવેશીને આકાશમાં રહીને, ઘુંઘરી સહિત પંચવર્ણી વસ્ત્રો પહેરીને કામદેવને કહ્યું – ઓ કામદેવ શ્રાવક ! **દેવાનુપ્રિય ! તું ધન્ય છે, સપુણ્ય–કૃતાર્થ–કૃતલક્ષણ છે, મનુષ્યના જન્મ અને જીવિતનું ફળ સારી રીતે પ્રાપ્ત કર્યુ છે, જે તને નિર્ગ્રન્થ પ્રવચનને વિશે આવી પ્રતિપત્તિ લબ્ધ, પ્રાપ્ત અને અભિસમન્વાગત કરેલ છે.**

હે દેવાનુપ્રિય! દેવેન્દ્ર દેવરાજ શક્રે યાવત્ શક્ર સિંહાસને રહી, ૮૪,૦૦૦ સામાનિક યાવત્ બીજા ઘણા દેવ–દેવી મધ્યે આમ કહ્યું – જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં ચંપાનગરીમાં કામદેવ શ્રાવક પૌષધશાળામાં, પૌષધિક બ્રહ્મચારી યાવત્ દર્ભસંથારે બેસીને શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે. કોઈ દેવ–દાનવ યાવત્ ગંધર્વ વડે **નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત–ક્ષોભિત–વિપરિણામિત કરવા સમર્થ નથી.** ત્યારે હું શક્રેન્દ્રના આ અર્થની શ્રદ્ધા ન કરતા જલદી અહીં આવ્યો.

અહો દેવાનુપ્રિય ! તેં ઋદ્ધિ–દ્યુતિ–યશ–બલ–વીર્ય–પુરુષાકાર પરાક્રમ પ્રાપ્ત કરેલ છે. તે ઋદ્ધિ મેં જોઈ યાવત્ જાણી. તે માટે હું ખમાવુ છું, તમે મને ક્ષમા આપો, તમે ક્ષમા કરવાને યોગ્ય છો, હું ફરીથી એમ નહીં કરું, એમ કહી પગે પડ્યો, અંજલિ જોડી, આ અર્થને માટે વારંવાર ખમાવે છે. પછી જે દિશાથી આવેલો, તે દિશામાં પાછો ગયો. ત્યારે કામદેવે પોતાને નિરુપસર્ગ જાણીને પ્રતિમા પારી.

સૂત્ર–૨૬

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ વિચરે છે. ત્યારે તે કામદેવ શ્રાવક, આ વાત યાવત્ જાણીને કે ભગવંત યાવત્ વિચરે છે, તો મારે ઉચિત છે કે ભગવંતને વાંદી, નમી, ત્યાંથી પાછા આવીને પૌષધ પારવો. એમ વિચારીને શુદ્ધ–પ્રાવેશ્ય વસ્ત્રો ધારણ કરી અલ્પ પણ મૂલ્યવાન અલંકાર પહેરી,મનુષ્ય વર્ગથી પરીવરીને ચંપાનગરી મધ્યેથી નીકળે છે, ભગવતી સૂત્ર શતક–૧૨માં વર્ણિત શંખશ્રાવક માફક પૂર્ણભદ્ર ચૈત્યે આવીને યાવત્ પર્યુપાસે છે. ત્યારે ભગવંત મહાવીરે, કામદેવને તથા તે પર્ષદાને ધર્મકથા કહી.

સૂત્ર–૨૭

કામદેવને આમંત્રીને શ્રમણ ભગવંત મહાવીરે કામદેવ શ્રાવકને આમ કહ્યું – હે કામદેવ ! મધ્યરાત્રિ સમયે તારી પાસે એક દેવ આવ્યો, તે દેવે એક મોટા દિવ્ય પિશાચરૂપને વિકુર્વ્યુ યાવત્ તને એમ કહ્યું કે – ઓ કામદેવ ! જો તું આ ધર્મપ્રજ્ઞપ્તિ નહી છોડે તો તું જીવિતથી રહિત થઈ જઈશ, ત્યારે તું નિર્ભય થઈ યાવત્ વિચર્યો. આ પ્રમાણે પૂર્વોક્ત ત્રણે ઉપસર્ગો કહેવા, યાવત્ દેવ પાછો ગયો. કામદેવ ! શું આ અર્થ સમર્થ છે ? હા, ભગવંત! તેમજ છે.

હે આર્યો ! એમ સંબોધી, ભગવંત મહાવીરે, ઘણા શ્રમણ નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીને આમંત્રીને કહ્યું – હે આર્યો! જો **ઘરમાં રહેતા ગૃહસ્થ શ્રાવકો દિવ્ય–માનુષી–તિર્યંચસંબંધી ઉપસર્ગોને સમ્યક્ સહે છે યાવત્ અધ્યાસિત કરે છે,** તો હે **આર્યો ! દ્વાદશાંગ ગણિપિટકને ભણતા શ્રમણ નિર્ગ્રન્થોએ દિવ્ય–માનુષી–તિર્યંચ સંબંધી ઉપસર્ગો સમ્યક્ સહેવા યાવત્ અધ્યાસિત કરવા યોગ્ય છે.**

ત્યારપછી તે ઘણા શ્રમણ નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીએ ભગવાન મહાવીરની આ વાત 'તહત્તિ' કહીને સ્વીકારી.

ત્યારપછી કામદેવ શ્રાવકે હર્ષિત થઈ યાવત્ ભગવંત મહાવીરને પ્રશ્નો પૂછ્યા, અર્થ મેળવ્યો, ભગવંતને ત્રણ વખત વંદન–નમસ્કાર કરી, જે દિશાથી આવેલો, તે દિશામાં પાછો ગયો. પછી ભગવંતે પણ કોઈ દિવસે ચંપાથી નીકળીને બાહ્ય જનપદમાં વિહાર કર્યો.

સૂત્ર–૨૮

તે પછી કામદેવે પહેલી શ્રાવક પ્રતિમા સ્વીકારી. તે ઘણા શીલ,વ્રત આદિથી આત્માને ભાવિત કરીને, ૨૦ વર્ષ શ્રાવકપણુ પાળી, ૧૧–શ્રાવક પ્રતિમા સમ્યક્પણે કાયાથી સ્પર્શી, માસિકી સંલેખના કરી. આત્માને આરાધી, ૬૦–ભક્તોને અનશનથી છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને, સમાધિ પામી, કાળ માસે કાળ કરીને, સૌધર્મ કલ્પે અરુણાભ વિમાને દેવ થયો. ત્યાં કામદેવ દેવની ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે. તે દેવ, તે દેવલોકથી આયુનો, ભવનો અને સ્થિતિનો ક્ષય કરી અનંતર ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રે સિદ્ધ થશે. નિક્ષેપ– પ્રથમ અધ્યયનવત જાણવો.

અધ્યયન–૨ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૩ 'ચુલનીપિતા'

સૂત્ર–૨૯

અધ્યયન–૩નો ઉત્ક્ષેપ કહેવો.

હે જંબૂ! તે કાળે, તે સમયે વારાણસી નામે નગરી હતી, કોષ્ઠક ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો.

તે વારાણસી નગરીમાં ચુલનીપિતા નામે ધઢ્ય યાવત્ અપરિભૂત ગાથાપતિ રહેતો હતો. તેને શ્યામા નામે પત્ની હતી. તેણે આઠ હિરણ્યકોડી નિધાનમાં, આઠ હિરણ્યકોડી વ્યાજે, આઠ હિરણ્યકોડી ધન–ધાન્યાદિમાં રોકેલ હતી. તેને ૧૦,૦૦૦ ગાયોનું એક એવા આઠ વ્રજો–ગોકુળો હતા.

તે આનંદની માફક રાજા, ઈશ્વરાદિને યાવત્ સર્વે કાર્યોનો વધારનાર હતો. સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી. ચુલનીપિતા પણ આનંદની માફક નીકળ્યો. તેની માફક ગૃહીધર્મ સ્વીકાર્યો. ગૌતમ દ્વાર પૂર્વવત્ પૃચ્છા. બાકી બધું કામદેવ માફક જાણવુ યાવત્ પૌષધશાળામાં પૌષધ સહિત, બ્રહ્મચારી થઈ ભગવંત પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને રહ્યો

સૂત્ર–૩૦,૩૧

**૩૦.** ત્યારપછી ચુલનીપિતા શ્રાવક પાસે મધ્યરાત્રિ કાલ સમયે એક દેવ પ્રગટ થયો. તે દેવે એક નીલકમલ જેવા વર્ણની યાવત્ તિક્ષ્ણ ધારવાળી તલવાર લઈને ચુલનીપિતા શ્રાવકને કહ્યું – હે ચુલનીપિતા ! અહી બધું કામદેવ શ્રાવક માફક કહેવું. યાવત્ જો તું વ્રત ભંગ નહી કરે તો હું આજે તારા મોટા પુત્રને તારા ઘરમાંથી લાવીને તારી સમક્ષ તેનો ઘાત કરીશ, કરીને પછી માંસના ટૂકડા કરીશ, તેલથી ભરેલા કડાયામાં નાંખીને ઉકાળીશ, પછી તારા શરીરને માંસ અને લોહી વડે છાંટીશ, જેનાથી તું આર્ત્તધ્યાનથી પીડાઈને અકાળે મરીશ.

ત્યારે તે દેવે એમ કહેતા, ચુલનીપિતા, નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં લીન રહ્યો. ત્યારે તે દેવે ચુલનીપિતાને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં લીન જોઈને બીજી–ત્રીજી વખત ચુલનીપિતા શ્રાવકને આમ કહ્યું – હે ચુલનીપિતા! પૂર્વવત્ બધું ફરી પણ કહ્યું. તે શ્રાવક, તો પણ યાવત્ ધર્મધ્યાનમાં લીન વિચરે છે,

ત્યારે તે દેવે ચુલનીપિતાને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં લીન જોઈને ક્રોધિત આદિ થઈ ચુલનીપિતાના મોટા પુત્રને ઘરમાંથી લાવીને તેની સમક્ષ ઘાત કરીને માંસના ત્રણ ટૂકડા કર્યા, કરીને તેલ આદિ ભરેલ કડાઈમાં ઉકાળે છે, ઉકાળીને ચુલનીપિતાના શરીરે માંસ અને લોહી છાંટે છે. ત્યારે ચુલનીપિતા તે ઉજ્જ્વલ વેદનાને સહે છે.

ત્યારે ચુલનીપિતાને તે દેવે નિર્ભય જોયો, જોઈને ફરીથી તેને કહ્યું – ઓ ચુલનીપિતા ! અપ્રાર્થિતને પ્રાર્થનારા! યાવત્ તારા વ્રતનો ભંગ નહીં કરે, તો હું તારા વચલા પુત્રને તારા ઘરમાંથી લાવીને, તારી આગળ ઘાત કરીશ આદિ મોટા પુત્ર માફક કહેવું. તે દેવ તે પ્રમાણે કરે છે. એ રીતે ત્રીજી વખત નાના પુત્રનો પણ ઘાત કરે છે. યાવત્ ચુલનીપિતાએ તે વેદના સમભાવે સહન કરી.

ત્યારપછી ચુલનીપિતા શ્રાવકને નિર્ભય યાવત્ ધર્મધ્યાને લીન જોઈને ચોથી વખત ચુલનીપિતાને કહ્યું – ઓ ચુલનીપિતા ! અપ્રાર્થિતના પ્રાર્થિત ! જો તું યાવત્ તારા વ્રતનો ભંગ નહીં કરે, તો હું આજે, જે તારી આ માતા–ભદ્રા સાર્થવાહી છે, દેવ–ગુરુ–જનની રૂપ છે, દુષ્કર–દુષ્કરકારિકા છે, તેને તારા ઘરમાંથી લાવીને તારી આગળ ઘાત કરીશ, પછી માંસના ટૂકડા કરીને તેલ આદિની કડાઈમાં ઉકાળીશ, ઉકાળીને તારા શરીરને માંસ અને લોહી વડે છાંટીશ. જેનાથી તું આર્ત્તધ્યાનની પરવશતાથી પીડિત થઈ અકાલે જીવિતથી રહિત થઈશ.

તે દેવે આમ કહ્યું ત્યારે તે ચુલનીપિતા, નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં લીન રહે છે. ત્યારે તે દેવે ચુલનીપિતાને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં લીન વિચરતો જોઈને તેને બીજી–ત્રીજી વખત આમ કહ્યું – ઓ ચુલનીપિતા ! તું તારા શીલ, વ્રત આદિનો ભંગ નહિ કરે તો યાવત્ જીવિતથી રહિત થઈશ. ત્યારે તે ચુલનીપિતાને, તે દેવે બીજી–ત્રીજી વખત આમ કહેતા સાંભળીને આવા પ્રકારનો સંકલ્પ ઉત્પન્ન થયો કે –

અહો આ અનાર્ય, અનાર્યબુદ્ધિ પુરુષ અનાર્ય પાપકર્મ કરે છે. જેણે મારા મોટા પુત્રને મારા ઘરથી લાવીને મારી

આગળ ઘાત કર્યો ઈત્યાદિ જેમ દેવે કહ્યું તે ચિંતવે છે, યાવત્ શરીરે છાંટ્યા. જેણે મારા વચલા પુત્રને મારા ઘરથી લાવી યાવત્ લોહી છાંટ્યુ, જેણે મારા નાના પુત્રને મારા ઘેરથી લાવી પૂર્વવત્ યાવત્ છાંટ્યા. જે મારી આ માતા, દેવ–ગુરુ–જનની દુષ્કર–દુષ્કરકારિકા ભદ્રા સાર્થવાહી છે, તેને પણ મારા ઘરમાંથી લાવી મારી પાસે ઘાત કરવા ઈચ્છે છે, તો મારે ઉચિત છે કે – આ પુરુષને પકડવો, એમ વિચારી તે દોડ્યો, દેવ આકાશમાં ઊડી ગયો. ચુલનીપિતાએ ઘરનો સ્તંભ પકડી લીધો અને મોટા મોટા શબ્દોથી કોલાહલ કરવા લાગ્યો.

ત્યારે ભદ્રા સાર્થવાહી આ કોલાહલ શબ્દ સાંભળીને ત્યાં આવ્યા, આવીને ચુલનીપિતા શ્રાવકને કહ્યું – હે પુત્ર! તેં મોટા–મોટા શબ્દોથી કોલાહલ કેમ કર્યો ? ત્યારે ચુલનીપિતાએ માતા ભદ્રાને કહ્યું – હે માતા ! હું જાણતો નથી, પણ કોઈ પુરુષે ક્રોધિત થઈ, એક મોટી નીલકમલ–વર્ણી યાવત્ તલવાર લઈને મને કહ્યું કે – ઓ અપ્રાર્થિતના પ્રાર્થિત ચુલનીપિતા! જો તું વ્રત આદિ નહી છોડે તો૦ ઈત્યાદિ પૂર્વવત જાણવું. તે પુરુષે આવું કહ્યું તો પણ હું નિર્ભય થઈને રહ્યો. ત્યારે તેણે મને નિર્ભય યાવત્ રહેલો જાણીને મને બીજી–ત્રીજી વખત કહ્યું કે – ઓ ચુલનીપિતા ! આદિ યાવત્ લોહી માંસ તારા શરીરે છાંટીશ. ત્યારે મેં ઉજ્જવલ વેદના યાવત્ સહી, ઈત્યાદિ બધું પૂર્વવત્ કહેવું.

ત્યારપછી તે પુરુષે મને નિર્ભય યાવત્ ધર્મધ્યાનમાં લીન જોઈને ચોથી વખત કહ્યું કે – ઓ ચુલનીપિતા! યાવત્ વ્રત ભંગ નહીં કરે, તો આજે તારી આ માતાને પણ મારી નાખીને વગેરે પૂર્વે કહ્યા મુજબ જાણવું.

ત્યારે તે પુરુષે મને નિર્ભય રહેલ જાણીને, બીજી–ત્રીજી વખત કહ્યું – ઓ ચુલનીપિતા ! આજે યાવત્ તું મરીશ. ત્યારે મને આવો સંકલ્પ થયો કે – અહો ! આ પુરુષ અનાર્ય છે યાવત્ અનાર્ય આચરણ કરે છે. ઈત્યાદિ પૂર્વવત્, તો મારે આ પુરુષને પકડવો, એમ વિચારી હું દોડ્યો. તે આકાશમાં ઊડી ગયો. મેં આ થાંભલો પકડી લીધો અને મોટા–મોટા શબ્દોથી કોલાહલ કર્યો.

ત્યારે ભદ્રા સાર્થવાહીએ ચુલનીપિતાને કહ્યું – કોઈ પુરુષે તારા નાના પુત્રોનો ઘાત કર્યો નથી. તને આ કોઈ પુરુષે ઉપસર્ગ કર્યો છે. આ તે બિહામણુ દશ્ય જોયું છે, તેથી તું હાલ ભગ્નવ્રત, ભગ્નનિયમ, ભગ્ન પૌષધવાળો થઈને વિચરે છે. તો હે પુત્ર ! તું આ સ્થાનની આલોચના કર યાવત્ પ્રાયશ્ચિત્ત સ્વીકાર.

ત્યારે તે ચુલનીપિતા શ્રાવકે ભદ્રા માતાની આ વાત વિનયપૂર્વક 'તહત્તિ' કહીને સ્વીકારી અને તે સ્થાનની આલોચના યાવત્ પ્રાયશ્ચિત્ત કર્યુ.

**૩૧.** ત્યારપછી ચુલનીપિતા શ્રાવક પહેલી ઉપાસક પ્રતિમા સ્વીકારીને વિચરે છે, પહેલી ઉપાસક પ્રતિમાને સૂત્ર અનુસાર, આચાર મુજબ, વિધિ પ્રમાણે આદિ આનંદ શ્રાવકની માફક પાળતા યાવત્ અગિયારે ઉપાસક પ્રતિમા આરાધી. ત્યારપછી તે ચુલનીપિતા શ્રાવક ઉદાર તપ વડે કૃશ થઇ ગયો અને કામદેવ શ્રાવક માફક સૌધર્મકલ્પે, સૌધર્માવતંસક મહાવિમાનની પૂર્વ દિશામાં અરુણપ્રભ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં ચાર પલ્યોપમ સ્થિતિ કહી છે યાવત તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ગ્રહણ કરી મોક્ષે જશે.

અધ્યયન–૩ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# અધ્યયન–૪ "સુરાદેવ"

**સૂત્ર–૩૨**

ચોથા અધ્યયનનો ઉપોદ્‌ઘાત પહેલા અધ્યયન માફક કહેવો.

હે જંબૂ! તે કાળે, તે સમયે વારાણસી નગરી હતી, કોષ્ઠક ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો, સૂરાદેવ ધનાઢ્ય ગાથાપતિ હતો, તેને છ હિરણ્ય કોડી નિધાનમાં, છ હિરણ્ય કોડી વ્યાજમાં, છ હિરણ્ય કોડી ધન–ધાન્યાદિમાં રોકેલ હતી. તેને ૧૦,૦૦૦ ગાયોનું એક એવા છ વજ–ગોકુળ હતા. તેને ધન્યા નામે પત્ની હતી. ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. આનંદશ્રાવક માફક સુરાદેવે ગૃહીધર્મ સ્વીકાર્યો. કામદેવની માફક ધર્મ પ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે.

**સૂત્ર–૩૩**

ત્યારે તે સુરાદેવ શ્રાવક પાસે મધ્યરાત્રિએ એક દેવ આવ્યો. તે દેવે એક મોટી નીલકમળવર્ણી યાવત્ તિક્ષ્ણ તલવાર લઈને સુરાદેવ શ્રાવકને કહ્યું – ઓ સુરાદેવ ! અપ્રાર્થિતને પ્રાર્થનારા ! જો તું તારા શીલ, વ્રત આદિનો યાવત્ ભંગ નહીં કરે, તો તારા મોટા પુત્રને ઘરમાંથી લાવી, તારી આગળ તેનો ઘાત કરીને પાંચ માંસના ટૂકડા કરી, તેલની કડાઈમાં ઉકાળીશ, પછી તારા શરીર ઉપર માંસ અને લોહીને છાંટીશ, તેનાથી તું અકાળે જીવિત રહિત થઈશ. એ રીતે વચલા અને નાના પુત્રને એકૈકના પાંચ ટૂકડા કરીશ તે પ્રમાણે જેમ ચુલનીપિતા શ્રાવકમાં કહ્યું તેમ અહી પણ કહેવું. વિશેષ એ કે – પાંચ ટૂકડા કહ્યા.

ત્યારે તે દેવે ચોથી વખત સુરાદેવને કહ્યું – યાવત્ જો તું વ્રતાદિ નહીં છોડે, તો આજે તારા શરીરમાં એક સાથે સોળ રોગ મૂકીશ. તે આ – શ્વાસ, કાશ, તાવ, જલન, કુક્ષિશૂલ, ભગંદર, હરસ, અજીર્ણ, દૃષ્ટિશૂળ, મસ્તકશૂળ, અરુચિ, અક્ષિવેદના, કર્ણવેદના, ખંજવાળ, જલોદર અને કોઢ. જે આર્તધ્યાનની પીડાથી યાવત્ તું અકાળે મરીશ.

ત્યારે પણ સુરાદેવ યાવત્ સ્થિર રહ્યો. આ પ્રમાણે દેવે બીજી–ત્રીજી વખત કહ્યું યાવત્ તું મરીશ. ત્યારે તે દેવે બે–ત્રણ વખત કહેતા સુરાદેવને આ પ્રમાણે મનોગત સંકલ્પ થયો કે – આ પુરુષ અનાર્ય યાવત્ અનાર્ય આચરણવાળો છે, જેણે મારા મોટા યાવત્ નાના પુત્રને મારીને યાવત્ મારા શરીરે લોહી છાંટ્યુ. વળી મારા શરીરમાં એક સાથે સોળ રોગો મૂકવા ઇચ્છે છે.

મારે ઉચિત છે કે આ પુરુષને પકડી લઉં, એમ વિચારી તે દોડ્યો. તે દેવ આકાશમાં ઊડી ગયો, સુરાદેવે થાંભલો પકડી લીધો અને મોટા મોટા શબ્દોથી કોલાહલ કર્યો. ત્યારે તેની પત્ની ધન્યા, કોલાહલ સાંભળી, અવધારીને સુરાદેવ પાસે આવી. આવીને પૂછ્યું – હે દેવાનુપ્રિય ! તમે કેમ મોટા–મોટા શબ્દોથી કોલાહલ કર્યો ?

ત્યારે તે સુરાદેવે તેની પત્ની ધન્યાને કહ્યું – કોઈ પુરુષ૦ અહીં ચુલનીપિતા શ્રાવક માફક બધું કહેવું. ધન્યાએ પણ સામુ કહ્યું યાવત્ નાના પુત્ર ને કંઈ થયું નથી. કોઈ પુરુષે શરીરમાં એક સાથે સોળ રોગ મૂક્યા નથી. આ કોઈએ તમને ઉપસર્ગ કર્યો છે. બાકી બધું ચુલનીપિતા માફક કહેવું.

એ રીતે બધું ચુલનીપિતાવત્ સંપૂર્ણ જાણવું. વિશેષ એ કે સૌધર્મકલ્પે અરુણકાંત વિમાને દેવ થયો. ચાર પલ્યોપમની સ્થિતિ કહી. તે મહાવિદેહે મોક્ષે જશે. નિક્ષેપ કહેવો.

**અધ્યયન–૪ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન–૫ “ચુલ્લશતક”

## સૂત્ર–૩૪ થી ૩૬

૩૪. પાંચમા અધ્યયનનો ઉપોદ્‌ઘાત પહેલા અધ્યયન માફક કહેવો.

હે જંબૂ! તે કાળે–તે સમયે આલભિકા નામે નગરી હતી, શંખવન ઉદ્યાન હતું, જિતશત્રુ રાજા હતો, ધનાઢ્ય એવો ચુલ્લશતક ગાથાપતિ હતો. તેના છ હિરણ્ય કોડી નિધાનમાં, છ હિરણ્ય કોડી વ્યાજમાં, છ હિરણ્ય કોડી ધન–ધાન્યાદિમાં રોકેલ હતી. યાવત્ દશ હજાર ગાયોનું એક એવા છ ગોકુળ હતા, બહુલા નામે પત્ની હતા. સ્વામી પધાર્યા. આનંદની જેમ ગૃહીધર્મ સ્વીકાર્યો. બાકી બધું કામદેવ માફક જાણવુ યાવત્ ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે.

૩૫. ત્યારે તે ચુલ્લશતકની પાસે મધ્યરાત્રિ કાળ સમયે એક દેવ યાવત્ તલવાર લઈને બોલ્યો – ઓ ચુલ્લ–શતક! યાવત્ જો વ્રતભંગ નહીં કરે, તો આજે તારા મોટા પુત્રને તારા ઘરમાંથી લાવીને મારી નાખીશ ઇત્યાદિ ચુલનીપિતા પ્રમાણે કહેવું. વિશેષ એ કે – એકૈકના સાત માંસ ટૂકડા કરીશ યાવત્ લોહી છાંટીશ, યાવત્ નાના પુત્ર સુધી કહેવું. દેવે આમ કહ્યું ત્યારે ચુલ્લશતક યાવત્ નિર્ભય રહ્યો. ત્યારે તે દેવે ચુલ્લશતક શ્રાવકને ચોથી વખત કહ્યું – ઓ ચુલ્લશતક ! યાવત્ તું વ્રત નહીં ભાંગે, તો આજે, જે આ તારા છ કરોડ હિરણ્ય નિધાનમાં, છ કરોડ હિરણ્ય વ્યાજે અને છ કરોડ હિરણ્ય ધન–ધાન્યાદિમાં છે, તે તારા ઘરમાંથી લાવીને આલભિકા નગરીના શૃંગાટક યાવત્ માર્ગોમાં ચોતરફ ફેંકી દઈશ, જેથી તું આર્ત્તધ્યાનથી પરવશ થઈ પીડિત થઈ અકાળે જ જીવિતથી રહિત થઈ જઈશ.

ત્યારે ચુલ્લશતક શ્રાવકે તે દેવને એમ કહેતો સાંભળવા છતાં નિર્ભય યાવત્ વિચરે છે. ત્યારે તે દેવે ચુલ્લશતક શ્રમણોપાસકને નિર્ભય યાવત્ જોઈને બીજી–ત્રીજી વખત પૂર્વવત્ કહ્યું યાવત્ તું આર્ત્ત ધ્યાનથી મરીશ. ત્યારે તે દેવે બીજી–ત્રીજી વખત આમ કહેતા તે ચુલ્લશતકને આવા પ્રકારે મનોગત સંકલ્પ થયો કે – અહો ! આ પુરુષ અનાર્ય યાવત અનાર્ય આચરણવાળો છે, ઇત્યાદિ, ચુલનીપિતા માફક વિચારે છે યાવત્ નાના પુત્રનું લોહી છાંટે છે, મારા આ છ કરોડ નિધાન પ્રયુક્ત હિરણ્ય આદિને પણ મારા ઘેરથી લાવીને આલભિકા નગરીના શૃંગાટકે ફેંકી દેવાને ઇચ્છે છે, તો મારે તે પુરુષને પકડી લેવો ઉચિત છે. એમ કરી દોડ્યો૦ આદિ સુરાદેવ માફક જાણવું, પત્ની જ્યારે પૂછે છે, ત્યારે તે ચુલનીપિતા મુજબ જ કહે છે.

૩૬. બાકી બધું ચુલનીપિતા મુજબ જાણવું યાવત્ સૌધર્મકલ્પે, અરુણશિષ્ટ વિમાને ઉત્પન્ન થયો, ચાર પલ્યોપમ સ્થિતિ. બાકી પૂર્વવત્. યાવત્ મહાવિદેહે મોક્ષે જશે. નિક્ષેપ કહેવો.

**અધ્યયન–૫ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૬ કુંડકોલિક

સૂત્ર–૩૭, ૩૮

૩૭. છટ્ઠા અધ્યયનનો ઉપોદ્‌ઘાત પહેલા અધ્યયન માફક કહેવો.

હે જંબૂ! તે કાળે, તે સમયે કાંપિલ્યપુર નામે નગર હતું. સહસ્રામ્રવન ઉદ્યાન હતું, જિતશત્રુ રાજા હતો, કુંડકોલિક ગાથાપતિ હતો, તેને પૂષ્યા નામે પત્ની હતી. તેના છ કોટી હિરણ્ય નિધાનમાં – છ કોટી હિરણ્ય વ્યાજે અને છ કોટી હિરણ્ય ધન–ધાન્યાદિમાં રોકેલ હતું. તેને ૧૦,૦૦૦ ગાયોનું એક એવા છ ગોકુળ હતા.

ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. કુંડકોલિકે કામદેવશ્રાવક માફક શ્રાવકધર્મ સ્વીકાર્યો. ઇત્યાદિ બધું તેમજ કહેવું યાવત્ તે કુંડકોલિક, સાધુ–સાધ્વીને પ્રતિલાભતા વિચરે છે.

૩૮. ત્યારપછી તે કુંડકોલિક શ્રાવક અન્ય કોઈ દિવસે મધ્યાહ્નકાળે અશોકવાટિકામાં પૃથ્વીશિલાપટ્ટકે આવ્યો. આવીને નામાંકિત વીંટી અને ઉત્તરીયને પૃથ્વીશિલાપટ્ટકે રાખ્યુ. પછી શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે.

ત્યારે તે કુંડકોલિક પાસે એક દેવ પ્રગટ થયો. તે દેવે નામમુદ્રા અને ઉત્તરીય પૃથ્વીશિલાપટ્ટકથી લીધા. લઈને ઘુઘરી સહિત શ્રેષ્ઠ વસ્ત્રો પહેરેલ એવો તે આકાશ રહીને કુંડકોલિક શ્રાવકને કહ્યું –

ઓ ! કુંડકોલિક ! દેવાનુપ્રિય ! ગોશાળા મંખલિપુત્રની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે. કેમકે તેમાં ઉત્થાન–કર્મ–બલ–વીર્ય–પુરુષાકાર પરાક્રમ નથી, સર્વે ભાવો નિયત છે. શ્રમણ ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ મંગુલી–ખરાબ છે. કેમકે તેમાં. ઉત્થાન–કર્મ–બલ–વીર્ય–પુરુષાકાર પરાક્રમ છે, સર્વે ભાવો અનિયત છે.

ત્યારે કુંડકોલિકે તે દેવને કહ્યું – હે દેવ ! જો ગોશાળાની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે, કેમકે તેમાં ઉત્થાનાદિ નથી, યાવત્ સર્વે ભાવો નિયત છે અને ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિમાં ઉત્થાનાદિ છે યાવત્ સર્વભાવો અનિયત છે માટે ખરાબ છે. તો હે દેવ ! તે આ આવી દિવ્ય દેવર્દ્ધિ–દેવદ્યુતિ–દેવાનુભાવ ક્યાંથી લબ્ધ–પ્રાપ્ત–અભિમુખ કર્યો ? શું ઉત્થાન યાવત્ પરાક્રમ વડે ? કે ઉત્થાન યાવત્ પરાક્રમ વિના ?

ત્યારે દેવે કુંડકોલિક શ્રાવકને કહ્યું – હે દેવાનુપ્રિય ! મેં આ આવી દિવ્ય દેવઋદ્ધિ આદિ અનુત્થાન યાવત્ અપરાક્રમથી લબ્ધ–પ્રાપ્ત–અભિમુખ કરી છે.

ત્યારે કુંડકોલિક શ્રમાણોપાસકે તે દેવને કહ્યું – હે દેવ ! જો આ આવી દિવ્ય દેવઋદ્ધિ આદિ અનુત્થાન યાવત્ અપુરુષાકાર પરાક્રમથી લબ્ધ–પ્રાપ્ત–અભિમુખ કરી છે, તો જે જીવોને ઉત્થાનાદિ નથી, તે જીવો દેવ કેમ ન થયા ? અને હે દેવ ! તે આ આવી દિવ્ય દેવઋદ્ધિ આદિ ઉત્થાન યાવત્ પરાક્રમથી લબ્ધ–પ્રાપ્ત–અભિમુખ કરી છે, તો ઉત્થાનાદિ રહિત યાવત્ ગોશાળાની ધર્મપ્રજ્ઞપ્તિ સુંદર છે અને ઉત્થાનાદિ યુક્ત યાવત્ ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ અસુંદર છે, તે તારું કથન મિથ્યા છે.

ત્યારે તે દેવ કુંડકોલિક શ્રાવકને આમ કહેતો સાંભળીને શંકિત યાવત્ કલુષાભાવ પામી, કુંડકોલિકને કંઈ ઉત્તર આપવાને સમર્થ ન થયો. તેણે નામમુદ્રા અને ઉત્તરીયને પૃથ્વીશિલાપટ્ટકે મૂક્યા. મૂકીને જે દિશાથી આવ્યો હતો, તે દિશામાં પાછો ગયો.

તે કાળે, તે સમયે ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. ત્યારે કુંડકોલિકે આ વૃત્તાંત પ્રાપ્ત થતા, હર્ષિત થઈ, કામદેવ માફક નીકળ્યો યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો. ભગવંતે ધર્મકથા કહી.

સૂત્ર–૩૯, ૪૦

૩૯. ભગવંત મહાવીરે કુંડકોલિક શ્રાવકને કહ્યું – હે કુંડકોલિક ! કાલે મધ્યાહ્ને અશોકવાટિકામાં એક દેવ તારી પાસે આવ્યો ઇત્યાદિ૦ શું આ અર્થ યોગ્ય છે ? હા, ભગવંત તે યોગ્ય છે.

હે કુંડકોલિક! તું ધન્ય છે, આદિ કામદેવવત્ કહેવું.

ભગવંતે સાધુ–સાધ્વીને આમંત્રીને કહ્યું – હે આર્યો ! જો ઘરમધ્યે વસતો ગૃહસ્થ અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ, ઉત્તર વડે અન્યતીર્થિકને નિરુત્તર કરે છે, તો હે આર્યો ! દ્વાદશાંગ ગણિપિટકનું અધ્યયન કરતા એવા શ્રમણ નિર્ગ્રન્થો વડે યાવત્ અન્યતીર્થિકોને નિરુત્તર કરી જ શકે. ત્યારે શ્રમણ નિર્ગ્રન્થ–નિર્ગ્રન્થીએ ભગવંતના આ કથનને વિનયથી 'તહત્તિ' કહી સ્વીકાર્યું.

પછી કુંડકોલિકે, ભગવંતને વાંદી–નમીને પ્રશ્નો પૂછ્યા, અર્થો ગ્રહણ કર્યા. પાછો ગયો યાવત્ ત્યારપછી ભગવંતે વિહાર કર્યો.

૪૦. પછી કુંડકોલિક શ્રમણોપાસક ઘણા શીલ–આદિ પાળી યાવત્ આત્માને ભાવિત કરતા ૧૪–વર્ષો વીત્યા. ૧૫મા વર્ષ મધ્યે વર્તતા કોઈ દિવસે કામદેવની માફક મોટા પુત્રને સ્થાપીને પૌષધશાળામાં યાવત્ ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે.

એ રીતે અગિયાર ઉપાસક પ્રતિમા તે પ્રમાણે કરી યાવત્ સૌધર્મકલ્પે અરુણધ્વજ વિમાને ઉત્પન્ન થયા યાવત્ મહાવીદેહે સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે યાવત સર્વે દુખોનો અંત કરશે.

અધ્યયન–૬ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# અધ્યયન-૭ 'સદ્દાલપુત્ર'

સૂત્ર–૪૧

છટ્ઠા અધ્યયનનો ઉપોદ્‌ઘાત પહેલા અધ્યયન માફક કહેવો.

પોલાસપુર નામે નગર હતું, સહસ્રામ્રવન ઉદ્યાન હતું, ત્યાં જિતશત્રુ રાજા હતો.

તે પોલાસપુર નગરમાં સદ્દાલપુત્ર નામે કુંભાર આજીવિકોપાસક(ગોશાલક મતનો અનુયાયી) રહેતો હતો. તે આજીવિક સિદ્ધાંતમાં લબ્ધાર્થ(શ્રવણ આદિ દ્વારા યથાર્થ તત્ત્વને પ્રાપ્ત કરેલ) , ગૃહીતાર્થ(તે અર્થોને ગ્રહણ કરેલ), પૃચ્છિતાર્થ(પ્રશ્ન દ્વારા તે અર્થોને સ્થિર કરેલ), વિનિશ્ચિતાર્થ(નિશ્ચયરૂપે તે અર્થોને આત્મસાત કરેલ), અભિગતાર્થ (તે અર્થોને સ્વાધીન કરેલ) હતો. તે પોતાના ધર્મમાં અસ્થિ–મજ્જામાં પ્રેમાનુરાગરક્ત હતો.

હે આયુષ્યમાન્ ! આ આજીવિક સિદ્ધાંત જ અર્થ છે, પરમાર્થ છે. બાકી બધું અનર્થ છે. એમ તે આજીવિક સિદ્ધાંત વડે આત્માને ભાવિત કરતો વિચરતો હતો.

તે સદ્દાલપુત્રના એક કોડી હિરણ્ય નિધાનમાં, એક કોડી હિરણ્ય વ્યાજમાં, એક કોડી હિરણ્ય ધન–ધાન્ય આદિમાં રોકાયેલ હતી. તેને દશ હજાર ગાયોનું એક એવું એક ગોકુળ હતું.

તે આજીવિકોપાસક સદ્દાલપુત્રની અગ્નિમિત્રા નામે પત્ની હતી.

તેના પોલાસપુરની બહાર ૫૦૦ કુંભકાર હાટ હતા. ત્યાં ઘણા પુરુષો દૈનિક ભોજન અને વેતનથી હતા, જે રોજ માટીના ઘણા કરક, વારક, પિઠર, ઘટ, અર્ધઘટ, કળશ, આલિંજર, જંબૂલક, ઉષ્ટ્રિકાઓ બનાવતા હતા. બીજા ઘણા પુરુષો દૈનિક ભોજન–વેતનથી હતા, જે રોજ તે માટીના ઘણા કરક યાવત્ ઉષ્ટ્રિકા વડે રાજમાર્ગમાં પોતાની આજીવિકા કરતા વિચરતા હતા.

સૂત્ર–૪૨

ત્યારપછી આજીવિકોપાસક સદ્દાલપુત્ર અન્ય કોઈ દિવસે મધ્યાહ્ન કાળે અશોકવાટિકામાં આવ્યો. આવીને ગોશાલક મંખલિપુત્ર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે.

ત્યારપછી તેની પાસે એક દેવ પ્રગટ થયો. ત્યારે તે દેવે આકાશમાં રહી, ઘુંઘરીવાળા વસ્ત્રો યાવત્ પહેરેલા, તેણે સદ્દાલપુત્રને કહ્યું – હે દેવાનુપ્રિય ! આવતીકાલે **અહીં મહામાહણ, ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર, અતીત–વર્તમાન–અનાગતના જ્ઞાતા, અરિહંત, જિન, કેવલી, સર્વજ્ઞ, સર્વદર્શી, ત્રૈલોક્ય અવલોકિત–મહિત–પૂજિત, દેવ–મનુષ્ય–અસુર સહિત લોકને અર્ચનીય–વંદનીય–સત્કારણીય–સંમાનનીય–કલ્યાણ મંગલ દૈવત ચૈત્ય માફક યાવત્ પર્યુપાસનીય, સત્યકર્મની સંપત્તિયુક્ત મહાપુરુષ. આવશે. માટે તું વંદન યાવત્ ઉપાસના કરજે. તથા પ્રાતિહારિક પીઠ–ફલક–શય્યા–સંસ્તારક વડે નિમંત્રજે.** બીજી–ત્રીજી વખત પણ એમ કહ્યું, કહીને જે દિશાથી આવેલ ત્યાં પાછો ગયો.

ત્યારે તે સદ્દાલપુત્રને, તે દેવે આમ કહેતા, આવો સંકલ્પ ઉત્પન્ન થયો કે– મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, ગોશાલ મંખલિપુત્ર છે, તે મહામાહણ, ઉત્પન્ન જ્ઞાનદર્શનધર યાવત્ સત્યકર્મની સંપત્તિયુક્ત છે, તે કાલે અહીં આવશે. તેમને હું વાંદીશ યાવત્ પ્રાતિહારક પીઠ, ફલક આદિ વડેનિમંત્રીશ.

સૂત્ર–૪૩, ૪૪

૪૩. તે પછી બીજે દિવસે યાવત્ સૂર્ય જ્વલિત થતા શ્રમણ ભગવંત મહાવીર યાવત્ ત્યાં સમોસર્યા, પર્ષદા નીકળી યાવત્ પર્ષદા પર્યુપાસે છે.

ત્યારે તે આજીવિકોપાસક સદ્દાલપુત્ર આ વૃત્તાંત જાણીને – 'ભગવંત મહાવીર યાવત્ વિચરે છે,' તો હું જાઉં, ભગવંતને વાંદુ યાવત્ ઉપાસના કરું. આમ વિચારીને સ્નાન કરી યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ પ્રાવેશ્ય વસ્ત્રો ધારણ કરી યાવત્ અલ્પ પણ મહાર્ઘ આભરણથી અલંકૃત શરીરી થઈ, મનુષ્યવર્ગથી પરીવરીને પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને પોલાસપુર મધ્યે થઈને સહસ્રામ્રવન ઉદ્યાનમાં ભગવંત મહાવીર પાસે આવ્યો. આવીને ત્રણ વખત

આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, કરીને વાંદી–નમી–પર્યુપાસે છે.

ત્યારે ભગવંતે સદ્દાલપુત્ર અને તે મોટી પર્ષદાને ધર્મ કહ્યો યાવત્ ધર્મકથા સમાપ્ત થઈ. સદ્દાલપુત્રને સંબોધી ભગવંતે કહ્યું – સદ્દાલપુત્ર ! કાલે તું મધ્યાહ્નકાળ સમયે અશોકવાટિકામાં યાવત્ વિચરતો હતો. ત્યારે તારી પાસે એક દેવ પ્રગટ થયો, તે દેવે આકાશમાં રહીને કહ્યું – ઓ સદ્દાલપુત્ર ! યાવત્ એમ કહેલું કે પર્યુપાસના કરજે. સદ્દાલપુત્ર ! આ વાત સાચી છે ? હા, ભગવંત સાચી છે.

હે સકડાલપુત્ર ! તે દેવે ગોશાળાને આશ્રીને આમ કહ્યું ન હતું.

ત્યારપછી સદ્દાલપુત્રે, ભગવંત મહાવીરને આમ કહેતા સાંભળીને, આવો સંકલ્પ થયો કે – આ ભગવંત મહાવીર મહામાહણ, ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર યાવત્ સત્ય કર્મસંપત્તિ પ્રાપ્ત છે, તો મારે ઉચિત છે કે ભગવંતને વાંદી–નમીને, પ્રાતિહારિક પીઠફલકથી યાવત્ નિમંત્રણા કરવી.

એમ વિચારી, ઉત્થાનથી ઉઠીને ભગવંતને વાંદી–નમીને કહ્યું – ભગવન્ ! પોલાસપુર નગર બહાર મારી ૫૦૦ કુંભકારાપણ છે. ત્યાં આપ પ્રાતિહારિક પીઠ યાવત્ સંસ્તારક ગ્રહણ કરીને વિચરો.

ત્યારે ભગવંત મહાવીરે સદ્દાલપુત્રની આ વાતને સ્વીકારીને, તેની ૫૦૦ કુંભાર–હાટોમાં પ્રાસુક એષણીય, પ્રાતિહારિક પીઠ–ફલક યાવત્ સંથારાને ગ્રહણ કરીને રહ્યા.

૪૪. ત્યારપછી આજીવિકોપાસક સદ્દાલપુત્ર કોઈ દિવસે વાયુથી સૂકાયેલ કુંભાર સંબંધી પાત્રોને શાળામાંથી બહાર કાઢે છે, કાઢીને તડકો આપે છે,

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે, સદ્દાલપુત્રને કહ્યું – હે સદ્દાલપુત્ર ! આ કુંભાર પાત્ર કેવી રીતે થાય છે ?

ત્યારે સદ્દાલપુત્રે ભગવંતને કહ્યું – પૂર્વે માટી હતી, પછી પાણી વડે સ્થાપન કરાઈ, કરીને રાખ અને છાણ મેળવ્યા, મેળવીને ચાક ઉપર ચડાવાય છે, પછી માટીના ઘણા કરકો યાવત્ ઉષ્ટ્રિકા કરાય છે. ત્યારે ભગવંતે સદ્દાલપુત્રને કહ્યું –

હે સદ્દાલપુત્ર ! આ કુંભારના પાત્ર ઉત્થાન યાવત્ પુરુષકાર પરાક્રમ વડે કરાય છે કે અનુત્થાન યાવત્ અપુરુષકાર પરાક્રમથી ?

ત્યારે સદ્દાલપુત્રે ભગવંતને કહ્યું– અનુત્થાન યાવત્ અપુરુષકાર પરાક્રમથી. ઉત્થાન યાવત્ પરાક્રમથી થતા નથી, સર્વે ભાવો નિયત છે.

ત્યારે ભગવંતે સદ્દાલપુત્રને કહ્યું – હે સદ્દાલપુત્ર ! જો કોઈ પુરુષ હવાથી સુકાયેલા કે પકાવેલા, તારા કુંભારપાત્રને હરી લે, ફેંકી દે, ફોડી નાંખે, છીનવી લે, પરઠવી દે અથવા તારી સ્ત્રી અગ્નિમિત્રા સાથે વિપુલ ભોગ ભોગવતો વિચરે, તો તું તે પુરુષને શું દંડ આપીશ ?

ભગવન્ ! હું તે પુરુષને આક્રોશ કરું, હણું, બાંધુ, મારું, તર્જના–તાડના કરું, તેનું બધું છીનવી લઉં, તિરસ્કારું, જીવિતથી મુક્ત પણ કરું.

સદ્દાલપુત્ર ! જો ઉત્થાન નથી યાવત્ પુરુષકાર પરાક્રમ નથી, સર્વે ભાવો નિયત છે, તો કોઈ પુરુષ વાયુથી સૂકાયેલા અને પાકા કુંભાર પાત્રને કોઈ હરતુ નથી યાવત્ પરઠવતુ નથી કે અગ્નિમિત્રા ભાર્યા સાથે વિપુલ ભોગ ભોગવતુ વિચરતુ નથી, તું તેને આક્રોશતો કે હણતો નથી યાવત્ જીવિતથી રહિત કરતો નથી

અને જો તારા વાતાહત પાત્રને યાવત્ કોઈ પરઠવી દે કે અગ્નિમિત્રા સાથે યાવત્ વિચરે અને તું તે પુરુષને આક્રોશ કરે યાવત્ જીવિતથી મુક્ત કરી દે તો તું જે કહે છે કે ઉત્થાન નથી યાવત્ સર્વે ભાવો નિયત છે, તે મિથ્યા છે. આથી સદ્દાલપુત્ર બોધ પામ્યો.

ત્યારપછી આજીવિકોપાસક સદ્દાલપુત્રે શ્રમણ ભગવન્ મહાવીરને વંદન–નમસ્કાર કરીને કહ્યું – ભગવન્! હું આપની પાસે ધર્મ સાંભળવા ઇચ્છુ છું. ત્યારે ભગવંતે તેને અને પર્ષદાને ધર્મ કહ્યો.

સૂત્ર–૪૫

ત્યારે તે આજીવિકોપાસક સદ્દાલપુત્રે, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, સમજી હર્ષિત–સંતુષ્ટ યાવત્ હૃદયી થઈ આનંદ માફક ગૃહીધર્મ સ્વીકાર્યો. વિશેષ એ કે – એક હિરણ્ય કોડી નિધાનમાં–એક હિરણ્ય કોડી વ્યાજમાં–એક હિરણ્ય કોડી પથરાયેલ તથા એક ગોકુળ, યાવત્ શ્રમણ ભગવંત મહાવીરને વાંદી–નમીને જ્યાં પોલાસપુર નગર છે, ત્યાં આવ્યો.

આવીને પોલાસપુરની મધ્યે થઈને પોતાના ઘેર, અગ્નિમિત્રા પત્ની પાસે આવ્યો. તેણીને કહ્યું કે –

હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીર યાવત્ પધાર્યા છે, તો તું જા, ભગવંતને વાંદી યાવત્ પર્યુપાસના કર. ભગવંત પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતયુક્ત બાર ભેદે ગૃહીધર્મ સ્વીકાર.

ત્યારે અગ્નિમિત્રાએ, સદ્દાલપુત્ર શ્રાવકને 'તહત્તિ' કહી આ અર્થને વિનયપૂર્વક સ્વીકાર્યો.

પછી સદ્દાલપુત્ર શ્રાવકે કૌટુંબિક પુરુષોને બોલાવીને કહ્યું – ઓ દેવાનુપ્રિયો ! લઘુકરણયુક્ત જોડેલ(તીવ્ર ગતિવાળા યાવત ધાર્મિક યાનપ્રવર રથને તૈયાર કર.),

સમાન ખુરવાળા, સમાન તિક્ષ્ણ શીંગડાવાળા, સુવર્ણના કલાપથી મઢેલા એવા પ્રતિ વિશિષ્ટ શીંગડા યુક્ત, રજતમય ઘંટ બાંધેલ, સુતરના દોરડા વડે શ્રેષ્ઠ સુવર્ણયુક્ત નાથ સંબંધી રાશ વડે બાંધેલ, કાળા કમળના છોગાવાળા, શ્રેષ્ઠ યુવાન બળદો વડે યુક્ત, અનેક મણિ–કનક–ઘંટિકા–જાલ યુક્ત, સુજાત–યુગયુક્ત–ઋજુ–પ્રશસ્ત–સુવિરચિત–નિર્મિત પ્રવર લક્ષણ યુક્ત ધાર્મિક યાનપ્રવર હાજર કરો, કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે કૌટુંબિક પુરુષોએ યાવત્ આજ્ઞા પાછી સોંપી.

ત્યારપછી તે અગ્નિમિત્રા ભાર્યા, સ્નાન કરી યાવત્ કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કરી, શુદ્ધ પ્રાવેશ્ય(પ્રવેશને યોગ્ય માંગલિક વસ્ત્ર) યાવત્ અલ્પ પણ મહાર્ઘ(મહા મૂલ્યવાન) આભરણ–અલંકૃત શરીરી થઈ, દાસી સમૂહ વડે વીંટળાઈને ધાર્મિક યાન પ્રવરમાં બેઠી, બેસીને પોલાસપુરની મધ્યેથી નીકળી,

સહસ્રામ્રવન ઉદ્યાનમાં ભગવંત પાસે આવી. આવીને ત્રણ વખત યાવત્ વંદન–નમન કરીને બહુ દૂર નહીં, તેમ નજીક નહીં એ રીતે યાવત્ અંજલિ જોડીને ઊભી રહીને પર્યુપાસના કરે છે.

ત્યારે ભગવંતે, અગ્નિમિત્રા અને તે પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો. ત્યારે અગ્નિમિત્રા, ભગવંત પાસે ધર્મ સાંભળી–સમજીને હર્ષિત–સંતુષ્ટ થઈને, ભગવંતને વાંદી–નમીને બોલી –

હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ જે આપ કહો છો તે સત્ય છે. જેમ આપની પાસે ઘણા ઉગ્ર કુળના, ભોગ કુળના પુરુષો યાવત્ પ્રવ્રજિત થયા, તેમ હું આપની પાસે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા સમર્થ નથી, પણ આપની પાસે પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રત યુક્ત બાર ભેદે ગૃહસ્થ ધર્મ અંગીકાર કરીશ.

ભગવંતે કહ્યું– જેમ સુખ ઉપજે તેમ કરો, 'પ્રતિબંધ ન કરો.'

ત્યારે અગ્નિમિત્રાએ, ભગવંત પાસે બાર ભેદે શ્રાવક ધર્મ સ્વીકારીને, ભગવંતને વંદન–નમન કરી, તે જ ધાર્મિક યાનપ્રવરમાં આરૂઢ થઈને, જે દિશાથી આવેલી, તે દિશામાં પાછી ગઈ.

ત્યારપછી ભગવંત મહાવીરે પણ કોઈ દિવસે પોલાસપુર નગરના સહસ્રામ્રવનથી નીકળી, બાહ્ય જનપદમાં વિહાર કર્યો.

સૂત્ર–૪૬

ત્યારપછી તે સદ્દાલપુત્ર, શ્રમણોપાસક થયો, જીવાજીવનો જ્ઞાતા થઈ યાવત્ વિચરે છે.

ત્યારે ગોશાલક મંખલિપુત્રએ આ વાતને જાણી કે – સદ્દાલપુત્રે આજીવિક સિદ્ધાંતને છોડીને શ્રમણ નિર્ગ્રન્થોની દૃષ્ટિ સ્વીકારી છે. તો આજે હું જઉં અને સદ્દાલપુત્રને નિર્ગ્રન્થોની દૃષ્ટિ છોડાવી ફરી આજીવિક દૃષ્ટિનો સ્વીકાર કરાવું.

આ પ્રમાણે વિચારીને આજીવિક સંઘથી પરીવરીને પોલાસપુર નગરે આજીવિક સભાએ આવ્યો. આવીને ઉપકરણો મૂક્યા.

ત્યારપછી કેટલાક આજીવિકો સાથે સદ્દાલપુત્ર પાસે આવ્યો, ત્યારે સદ્દાલપુત્રે ગોશાળાને આવતો જોયો, જોઈને આદર ન કર્યો, જાણ્યો નહીં, પણ અનાદર કરતો, ન જાણતો, તે મૌન રહ્યો.

ત્યારે સદ્દાલપુત્ર વડે આદર ન કરાયેલ, ન જાણેલ, પીઠ–ફલક–શય્યા–સંથારા માટે શ્રમણ ભગવંત મહાવીરના ગુણકીર્તન કરતા સદ્દાલપુત્રને કહ્યું –

હે દેવાનુપ્રિય ! અહીં મહામાહણ આવેલા ?

ત્યારે સદ્દાલપુત્રે ગોશાળાને પૂછ્યું – મહામાહણ કોણ?

ત્યારે ગોશાળાએ સદ્દાલપુત્રને કહ્યું – ભગવંત મહાવીર મહામાહણ છે.

દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીરને મહામાહણ કેમ કહો છો ?

હે સદ્દાલપુત્ર! નિશ્ચે ભગવંત મહાવીર મહામાહણ, ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર યાવત્ મહિત–પૂજિત છે. યાવત્ સત્ય–કર્મ–સંપત્તિ વડે યુક્ત છે. તેથી એમ કહ્યું કે – શ્રમણ ભગવંત મહાવીર મહામાહણ છે.

હે દેવાનુપ્રિય ! અહીં મહાગોપ આવેલા ?

હે ગોશાલક ! મહાગોપ કોણ છે ?

નિશ્ચે ભગવંત મહાવીર, સંસાર અટવીમાં ઘણા જીવો જે નાશ પામતા, વિનાશ પામતા, ખવાતા, છેદાતા, ભેદાતા, લુપ્ત થતા, વિલુપ્ત થતા છે, તેમને ધર્મમય દંડ વડે સંરક્ષણ–સંગોપન કરતા, નિર્વાણરૂપ મહાવાડમાં પોતાના હાથે પહોંચાડે છે, તેથી હે સદ્દાલપુત્ર ! શ્રમણ ભગવંત મહાવીરને મહાગોપ કહ્યા છે.

હે દેવાનુપ્રિય ! અહીં મહાસાર્થવાહ આવેલા ?

હે ગોશાલક ! મહાસાર્થવાહ કોણ ?

સદ્દાલપુત્ર ! ભગવંત મહાવીર મહાસાર્થવાહ છે.

હે ગોશાલક !એમ કેમ કહ્યું કે 'ભગવંત મહાવીર મહાસાર્થવાહ છે'?

હે દેવાનુપ્રિય ! ભગવંત મહાવીર, સંસારાટવીમાં નાશ–વિનાશ પામતા યાવત્ વિલુપ્ત થતા ઘણા જીવોને ધર્મમય માર્ગ વડે સંરક્ષણ કરાતા નિર્વાણરૂપ મહાપટ્ટણ સન્મુખ સ્વહસ્તે પહોંચાડે છે, તેથી હે સદ્દાલપુત્ર ! એમ કહ્યું કે – ભગવંત મહાવીર, મહાસાર્થવાહ છે.

હે દેવાનુપ્રિય ! અહીં મહાધર્મકથી આવેલા ?

હે ગોશાલક ! મહાધર્મકથી કોણ ?

ભગવંત મહાવીર મહાધર્મકથી છે.

હે ગોશાલક !એમ કેમ કહ્યું ?

હે દેવાનુપ્રિય! શ્રમણ ભગવંત મહાવીર, મહા–મોટા સંસારમાં નાશ–વિનાશ પામતા આદિ ઘણા જીવો, ઉન્માર્ગને પ્રાપ્ત–સન્માર્ગથી ભૂલા પડેલા, મિથ્યાત્વ બળથી અભિભૂત, અષ્ટવિધ કર્મરૂપ અંધકારના સમૂહથી ઢંકાયેલ, ઘણા જીવોને ઘણા અર્થો યાવત્ વ્યાકરણો વડે ચતુર્ગતિરૂપ સંસારાટવીથી પોતાના હાથે પાર ઉતારે છે, તેથી ભગવંત મહાવીર મહાધર્મકથી છે.

હે દેવાનુપ્રિય ! અહીં મહાનિર્યામક આવેલા ?

હે ગોશાલક ! મહાનિર્યામક કોણ ?

હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીર, મહાનિર્યામક છે.

હે ગોશાલક ! એમ કેમ કહ્યું ?

હે દેવાનુપ્રિય ! ભગવંત મહાવીર, સંસાર સમુદ્રમાં નાશ–વિનાશ પામતા યાવત્ વિલુપ્ત થતા, બૂડતા, અતિ બૂડતા, ગોથા ખાતા, ઘણા જીવોને ધર્મબુદ્ધિરૂપ નાવ વડે નિર્વાણરૂપ કિનારે સ્વહસ્તે પહોંચાડે છે, તેથી હે દેવાનુપ્રિય! એમ કેમ કહ્યું કે – શ્રમણ ભગવંત મહાવીર, મહાનિર્યામક છે.

ત્યારે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે, ગોશાલકને કહ્યું – હે દેવાનુપ્રિય ! તમે આટલા બધા વિચક્ષણ, ચતુર, દક્ષ છો, વાણી ચતુર, નયવાદી, ઉપદેશલબ્ધ અને વિજ્ઞાન પ્રાપ્ત છો. તમે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક ભગવંત મહાવીર સાથે વિવાદ કરવા સમર્થ છો ?

ગોશાલકે કહ્યું–ના, તે અર્થ યુક્ત નથી.

સદ્દાલપુત્રએ પૂછ્યું એમ કેમ કહો છો કે તમે મારા ધર્માચાર્ય સાથે યાવત્ વિવાદ કરવા સમર્થ નથી ?

હે સદ્દાલપુત્ર ! જેમ કોઈ પુરુષ તરુણ, યુગવાન્ યાવત્ નિપુણ શિલ્પ પ્રાપ્ત હોય, તે એક મોટા બકરા–ઘેટા–સૂકર–કુકડા–તેતર–બતક–લાવા–કપોત–કપિંજલ–કાગડો–બાજને હાથે, પગે, ખરીએ, પૂંછડે, શીંગડે, વિષાણે, રુંવાટે જ્યાં જ્યાં પકડે ત્યાં–ત્યાં નિશ્ચલ–નિષ્પંદ ધારી શકે(હલન ચલન રહિત કરી દે છે), એ રીતે ભગવંત મહાવીર મને ઘણા અર્થો, હેતુઓ, યાવત્ ઉત્તરો વડે જ્યાં જ્યાં પકડે ત્યાં ત્યાં નિરુત્તર કરે છે. તેથી એમ કહ્યું કે – હું તારા ધર્માચાર્ય યાવત્ મહાવીર સાથે વિવાદ કરવાને સમર્થ નથી.

ત્યારે સદ્દાલપુત્ર શ્રાવકે, ગોશાલક મંખલિપુત્રને કહ્યું કે – જે કારણે, તમે મારા ધર્માચાર્ય યાવત્ મહાવીરના સત્ય, તથ્ય, તથાવિધ સદ્‌ભૂત ભાવો વડે ગુણકીર્તન કરો છો, તેથી હું તમને પ્રાતિહારિક પીઠ યાવત્ સંસ્તારક માટે નિમંત્રણ આપું છું, પણ ધર્મ અને તપની બુદ્ધિથી નહીં. તો જાઓ અને મારી કુંભકારાપણમાં પ્રાતિહારિક પીઠ ફલક યાવત્ ગ્રહણ કરીને વિચરો.

ત્યારે ગોશાળાએ સદ્દાલપુત્રના આ અર્થને સ્વીકાર્યો, સ્વીકારીને કુંભકારાપણમાં પ્રાતિહારિક પીઠ યાવત્ સ્વીકારીને રહ્યો.

ત્યારપછી ગોશાળો, સદ્દાલપુત્રને જ્યારે ઘણી આઘવણા(અનેક પ્રકારે કહીને), પન્નવણા(ભેદપૂર્વક તત્ત્વ નિરૂપણ કરીને), સંજ્ઞાપના(સમ્યક પ્રકારે સમજાવીને), વિજ્ઞાપના(તેના મનને અનુકુળ ભાષણ કરીને) નિર્ગ્રન્થ પ્રવચનથી ચલિત, ક્ષોભિત, વિપરિણામિત કરવાને સમર્થ ન થયો. ત્યારે શ્રાંત, ત્રાંત, પરિત્રાંત થઈને પોલાસપુર નગરથી નીકળીને બાહ્ય જનપદ વિહારથી વિચરે છે.

સૂત્ર–૪૭

ત્યારે સદ્દાલપુત્રને ઘણા શીલ, વ્રત, વેરમણ યાવત્ ઉપાસના દ્વારા આત્માને ભાવિત કરતા ચૌદ વર્ષો વીત્યા, પંદરમાં વર્ષમાં વર્તતા, મધ્યરાત્રિ કાળે યાવત્ પૌષધશાળામાં ભગવંત મહાવીર પાસે ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે. ત્યારે, તેની પાસે એક દેવ આવ્યો. તે દેવે એક મોટી નીલોત્પલ યાવત્ તલવાર લઈને સદ્દાલપુત્રને કહ્યું –

અહી ચુલનીપિતાની માફક બધું કહેવું, તેની જેમ જ દેવે ઉપસર્ગ કર્યો. વિશેષ એ કે – એકૈક પુત્રના નવ માંસ ટૂકડા કરે છે યાવત્ નાના પુત્રનો ઘાત કરે છે યાવત્ લોહી છાંટે છે.

ત્યારે સદ્દાલપુત્ર નિર્ભય રહિત યાવત્ ધર્મમાં લીન વિચરે છે. ત્યારે સદ્દાલપુત્રને નિર્ભય યાવત્ ધર્મમાં લીન જોઈને ચોથી વખત પણ સદ્દાલપુત્ર શ્રાવકને આ પ્રમાણે કહ્યું –

ઓ અપ્રાર્થિતની પ્રાર્થના કરનાર સદ્દાલપુત્ર ! યાવત્ વ્રત–ભંગ નહીં કરે, તો જે આ તારી અગ્નિમિત્રા પત્ની, જે ધર્મસહાયિકા(ધર્મ કાર્યોમાં સહાય કરનારી), ધર્મદ્વીતિયા(ધર્મ સંગીની–ધર્મકાર્યમાં સાથે રહેનારી), ધર્માનુ–રાગરક્તા(ધર્મના અનુરાગમાં રંગાયેલી), સમસુખદુઃખ સહાયિકા(સુખ અને દુઃખમાં સમાનરૂપે વિભાજન કરનારી પત્ની) છે, તેને તારા ઘરમાંથી લાવી, તારી પાસે મારીશ. નવ માંસ ટૂકડા કરીને, તેલની કડાઈમાં ઉકાળીશ, તારા શરીરને માંસ, લોહીથી છાંટીશ. જેનાથી તું આર્ત્તધ્યાનથી પીડિત થઈ યાવત્ મરીશ.

દેવે આ પ્રમાણે કહ્યું ત્યારે પણ એ સદ્દાલપુત્ર નિર્ભય બનીને ધર્મધ્યાને લીન રહ્યો.

ત્યારે તે દેવે બે–ત્રણ વખત કહ્યું – ઓ સદ્દાલપુત્ર ! આદિ૦ બધું પૂર્વવત કહેવું.

ત્યારે સદ્દાલપુત્રને મનમાં આવો સંકલ્પ થયો કે૦ તે ચુલનીપિતા જેમ જ વિચારે છે, જે મારામોટા–વચલા–અને નાના પુત્રને મારી નાંખીને યાવત્ મારી ઉપર લોહી છાંટ્યુ અને હવે મારી અગ્નિમિત્રા પત્નીને પણ ઘરમાંથી લાવી મારવા ઇચ્છે છે. તો મારે તેને પકડવો જોઇએ, એમ વિચારી દોડ્યો.

અહી બધું ચુલનીપિતા માફક જ કહેવું. વિશેષ એ કે– અગ્નિમિત્રાએ કોલાહલ સાંભળ્યો, તેને સ્થિર કર્યો.

સદ્દાલપુત્ર શ્રમણોપાસક મ્રત્યુ બાદ અરુણભૂત વિમાને દેવ થયા યાવત્ તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઇ સિદ્ધ થશે યાવત સર્વ દુઃખનો અંત કરશે.

આ અધ્યયનનું ઉપસંહાર વાક્ય પહેલા અધ્યયન માફક કહેવું.

**અધ્યયન–૭ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન-૮ 'મહાશતક'

### સૂત્ર–૪૮, ૪૯

૪૮. આઠમા અધ્યયનનો ઉત્ક્ષેપ પ્રથમ અધ્યયન માફક જાણવો.

હે જંબૂ! તે કાળે, તે સમયે, રાજગૃહ નામે નગર હતું, ગુણશીલ ચૈત્ય હતું, શ્રેણિક રાજા હતો.

તે રાજગૃહનગરમાં મહાશતક નામે ધનાઢ્ય ગાથાપતિ રહેતો હતો. જે તેની સંપત્તિ વગેરેમાં આનંદ શ્રાવક સમાન હતો. વિશેષ એ કે – તેની પાસે આઠ કરોડ કાંસ્ય પ્રમાણ હિરણ્ય નિધાનમાં, આઠ કરોડ કાંસ્ય પ્રમાણ હિરણ્ય વ્યાજે, આઠ કરોડ કાંસ્ય પ્રમાણ હિરણ્ય ધન–ધાન્યાદિમાં પ્રયોજાયેલી હતી. તેને ૧૦,૦૦૦ ગાયોનું એક એવા આઠ ગોકુળ હતા.

મહાશતકને રેવતી આદિ ૧૩ પત્ની હતી, જે પૂર્ણ પંચેન્દ્રિય યાવત્ સ્વરૂપવાન હતી. તે મહાશતકની રેવતી પત્નીને કુલઘર((પિયર)થી આવેલઆઠ કોડી હિરણ્ય અને દશ હજાર ગાયોનું એક એવા આઠ ગોકુળ વ્યક્તિગત સંપત્તિ રૂપે હતા.

બાકીની બાર પત્નીઓને કુલઘરથી આવેલ એક–એક હિરણ્ય કોડી અને એક–એક ગોકુળ હતુ.

૪૯. તે કાળે, તે સમયે ભગવાન મહાવીર સ્વામી પધાર્યા, પર્ષદા નીકળી. મહાશાતક પણ આનંદની માફક નીકળ્યો. આનંદનો માફક જ શ્રાવકધર્મ સ્વીકાર્યો. વિશેષ એ કે – કાંસ્ય સહિત આઠ કોડી હિરણ્ય કહેવું, આઠ વ્રજ કહેવા. રેવતી આદિ તેર પત્નીઓ સિવાય અવસેસ મૈથુન વિધિનો ત્યાગ કરે છે. બાકી પૂર્વવત્.

આ આવા અભિગ્રહને ગ્રહણ કરે છે કે – હંમેશા બે દ્રોણ પ્રમાણ હિરણ્યથી ભરેલ કાંસ્યપાત્ર વડે વ્યવહાર કરવો મને કલ્પે છે.

ત્યારપછી મહાશતક શ્રાવક થયો, જીવાજીવનો જ્ઞાતા થયો યાવત્ ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને તે વિચરે છે. ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર પણ બાહ્ય જનપદ વિહાર કરી વિચરવ લાગ્યા.

### સૂત્ર–૫૦

ત્યારપછી રેવતી ગાથાપત્નીને કોઈ દિવસે મધ્યરાત્રિ સમયે કુટુંબ જાગરીકા કરતા યાવત્ આવો વિચાર થયો કે – હું આ બાર શૌક્યના વિઘાતથી, મહાશતક શ્રાવક સાથે ઉદાર માનુષી ભોગોપભોગને ભોગવવા સમર્થ નથી, તો મારે આ બારે શૌક્યોને અગ્નિ–શસ્ત્ર–વિષપ્રયોગ વડે જીવિતથી રહિત કરીને એક–એક હિરણ્ય કોડી અને એક–એક ગોકુળને સ્વયં જ ગ્રહણ કરીને મહાશતક સાથે યાવત્ ભોગવતી વિચરું.

એમ વિચારીને તે બાર શૌક્યોના અંતર–છિદ્ર–વિવર જોતી રહી.

ત્યારપછી રેવતી ગાથાપત્ની કોઈ દિવસે, તે બાર શૌક્યોના અંતર જાણીને, છ શૌક્યોને શસ્ત્રપ્રયોગથી અને છ શૌક્યોને વિષપ્રયોગથી મારી નાંખી,

પછી તે બારે શૌક્યોના પિતૃગૃહથી આવેલ એક–એક હિરણ્ય કોડી અને એક–એક ગોકુળને સ્વયં જ સ્વીકારીને મહાશતક સાથે ઉદાર ભોગોને ભોગવતી વિચરે છે.

ત્યારપછી તેણી માંસલોલૂપ, માંસમાં મૂર્ચ્છિત યાવત્ અત્યાસક્ત થઈ ઘણા સેકેલા–તળેલા–ભૂંજેલા માંસ અને સૂરા, મધુ, મેરક, મદ્ય, સીધુ, પ્રસન્નાને આસ્વાદતી આદિ વિચરે છે.

### સૂત્ર–૫૧

ત્યારે રાજગૃહમાં કોઈ દિવસે અમારિનો ઘોષ થયો. ત્યારે માંસ લોલૂપ, માંસ મૂર્ચ્છિતાદિ રેવતીએ પિતૃપક્ષના પુરુષોને બોલાવીને કહ્યું – તમારે મારા પિતૃગૃહના ગોકુળમાંથી રોજ બબ્બે વાછડા મારીને મને આપવા.

ત્યારે તે પિતૃગૃહ પુરુષોએ રેવતીની તે વાતને વિનયથી સ્વીકારી, પછી રેવતીના પિતૃગૃહના ગોકુળમાંથી રોજ બબ્બે વાછરડાને મારીને રેવતીને આપતા. રેવતી તે ગાયના માંસાદિને સૂરાદિ સાથે આસ્વાદતી હતી.

સૂત્ર–૫૨

ત્યારપછી મહાશતક શ્રાવકને ઘણા શીલ, વ્રત આદિ દ્વારા યાવત્ પોતાના આત્માને ભાવિત કરતા ૧૪–વર્ષો વીત્યા ઈત્યાદિ પૂર્વવત્. ત્યાર પછી આનંદ શ્રાવકની માફક પોતાના મોટા પુત્રને પોતાના સ્થાને સ્થાપીને યાવત્ પોતે પૌષધશાળામાં ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે.

ત્યારે રેવતી ગાથાપત્ની નશાથી ઉન્મત્તથયેલી,લથડીયા ખાતી, વીખરાયેલ વાળવાળી, પોતાના ઉત્તરીય વસ્ત્રને દૂર કરતી પૌષધશાળામાં મહાશતક પાસે આવી. આવીને મોહોન્માદજન્ય, શૃંગારિક, સ્ત્રીભાવોને પ્રદર્શિત કરતી મહાશતકને કહે છે –

ઓ મહાશતક ! ધર્મ–પુણ્ય–સ્વર્ગ–મોક્ષની કામનાવાળા, ધર્માદિની કાંક્ષાવાળા, ધર્માદિના પીપાસુ ! તમારે ધર્મ–પુણ્ય–સ્વર્ગ–મોક્ષનું શું કામ છે ? જે તમે મારી સાથે ઉદાર યાવત્ ભોગ ભોગવતા વિચરતા નથી ?

ત્યારે મહાશતકે, રેવતીની આ વાતનો આદર ન કર્યો, જાણી નહીં. એ રીતે અનાદર કરતો, ન જાણતો, મૌન થઈ ધર્મધ્યાનયુક્ત રહી વિચરે છે.

ત્યારે રેવતીએ મહાશતકને બીજી–ત્રીજી વખત પણ તે પ્રમાણે કહ્યું. તો પણ તે મહાશતકે યાવત્ આદર ન કરતો, ન જાણતો રહ્યો. ત્યારે અનાદર પામેલી, ન જાણેલી યાવત્ પાછી ગઈ.

સૂત્ર–૫૩, ૫૪

**૫૩.** ત્યારે મહાશતક શ્રાવક પહેલી ઉપાસક પ્રતિમાને સ્વીકારીને વિચરે છે, સૂત્ર અને કલ્પ આદિ અનુસાર પહેલી થી આરંભીને અગિયારમી ઉપાસક પ્રતિમા યાવત આરાધે છે.

ત્યારપછી તે મહાશતક, તે ઉદાર તપથી યાવત્ કૃશ થઇ ગયો, તેની નશો દેખાવા લાગી.

તેને કોઈ દિવસે મધ્યરાત્રિએ ધર્મજાગરણથી જાગતા આ આધ્યાત્મિક સંકલ્પ થયો કે – હું આ ઉદાર યાવત તપોકર્મથી આનંદ શ્રાવક માફક અંતિમ મારણાંતિક સંલેખનાથી ક્ષીણ શરીરી થઈ, ભોજન–પાનનો ત્યાગ કરીને, કાળની આકાંક્ષા ન કરતો વિચરું.

ત્યારે તે મહાશતકને શુભ અધ્યવસાય વડે યાવત્ ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે પૂર્વ–દક્ષિણ–પશ્ચિમમાં લવણસમુદ્રમાં હજાર–હજાર યોજન સુધી જાણે છે – જુએ છે. યાવત્ ચુલ્લ હિમવંત વર્ષધર પર્વતને જાણે–જુએ છે. નીચે આ રત્નપ્રભામાં ૮૪,૦૦૦ વર્ષ સ્થિતિક રૌરવનરકને જાણે–જુએ છે.

**૫૪.** ત્યારે રેવતી ગાથાપત્ની કોઈ દિવસે ઉન્મત્ત થઈને, લથડીયા ખાતી–ખાતી, વિખરાયેલા વાળ વાળી, ઉત્તરીય(ઉપરના વસ્ત્રને)ને કાઢતી–કાઢતી મહાશતક પાસે પૌષધશાળામાં આવે છે, આવીને મહાશતકને પૂર્વવત્ યાવત્ બીજી–ત્રીજી વખત તેમજ કહે છે કે– તમે મારી સાથે કેમ ભોગ ભોગવતા નથી?

ત્યારે રેવતીએ બે–ત્રણ વખત આમ કહેતા, મહાશતક શ્રાવક ક્રોધિત આદિ થયો, અવધિજ્ઞાનને પ્રયોજીને, અવધિજ્ઞાન વડે જાણીને, રેવતી ગાથાપત્નીને કહ્યું –

ઓ અપ્રાર્થિતને પ્રાર્થતી રેવતી ! નિશ્ચે તું સાત રાત્રિમાં અલસક રોગથી પીડિત થઈ, આર્ત્તધ્યાનની પરવશતા વડે દુઃખી થયેલી, અસમાધિ પામીને કાળમાસે કાળ કરીને આ રત્નપ્રભાના ૮૪,૦૦૦ વર્ષ સ્થિતિક રૌરવ–અચ્યુતમાં નારક થઈશ.

ત્યારે મહાશતક શ્રાવકે આમ કહેતા, રેવતી બોલવા લાગી–મહાશતક મારા ઉપર રુષ્ટ–વિરક્ત–અપધ્યાયી થયો છે. હું જાણતી નથી કે કયા કુમાર વડે મરાઈશ.

એમ કરી ભયભીત, ત્રસ્ત, ઉદ્વિગ્ન, સંજાતભયા થઈ ધીમે–ધીમે પાછી ચાલી ગઈ. જઈને અપહત (ઉદાસ) થઈ યાવત્ ચિંતામગ્ન બની જાય છે, આર્તધ્યાનમાં ખોવાઈને ભૂમિ તરફ દષ્ટિ રાખી વ્યાકુળ બની ગઈ

ત્યાર પછી રેવતી, સાત રાત્રિમાં અલસક વ્યાધિ વડે પીડિત થઈ, વ્યથિત, દુખિત, વિવશ થઇ આર્ત્તધ્યાનથી

પરવશ બનીને કાળ માસે કાળ કરીને આ રત્નપ્રભા નરકના રૌરવાચ્યુત નરકાવાસમાં ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિથી નૈરયિકરૂપે ઉત્પન્ન થઈ.

સૂત્ર–૫૫

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર રાજગૃહી સમોસર્યા. પર્ષદા નીકળી, ભગવંતે ધર્મ કહ્યો, ધર્મ શ્રવણ કરી પર્ષદા પાછી ગઈ.

ગૌતમને આમંત્રીને ભગવંતે કહ્યું– હે ગૌતમ ! આ રાજગૃહનગરમાં મારો અંતેવાસી મહાશતક શ્રાવક પૌષધશાળામાં અપશ્ચિમ મારણાંતિક સંલેખનાથી કૃશ શરીરી થઇ, ભોજન–પાન પ્રત્યાખ્યાન કરેલો અને કાળની અપેક્ષા ન કરતો વિચરે છે.

ત્યારે તે મહાશતકની ઉન્મત્ત પત્ની રેવતી યાવત્ સ્ત્રીભાવોને બતાવતી પૌષધશાળામાં મહાશતક પાસે આવી, પછી મોહોત્પાદક વચનોથી ભોગ ભોગવવા પ્રાર્થના કરી. તે બધું પૂર્વવત્ યાવત્ બીજી–ત્રીજી વખત કહ્યું.

ત્યારે રેવતીએ બીજી–ત્રીજી વખત આમ કહેતા મહાશતકે, ક્રોધિત આદિ થઈ અવધિજ્ઞાન પ્રયોજી, અવધિ જ્ઞાન વડે જોઈને રેવતીને કહ્યું – યાવત્ તું નરકમાં ઉપજીશ.

ગૌતમ! અપશ્ચિમ મારણાંતિક સંલેખના કરતા યાવત્ કૃશ શરીરી થયેલ, ભોજન–પાનના પ્રત્યાખ્યાન કરેલ શ્રાવકને સત્ય, તથ્ય, તેવા પ્રકારના સદ્ભૂત, અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ વ્યાકરણથી ઉત્તર આપવો યોગ્ય નથી,

હે દેવાનુપ્રિય! તમે જાઓ, તમે મહાશતક શ્રામણોપાસકને આમ કહો કે અપશ્ચિમ મારણાંતિક સંલેખના કરતા યાવત્ ભક્તપાન પ્રત્યાખ્યાયિત શ્રાવકને, સત્ય યાવત્ બીજાને આવો ઉત્તર આપવો ન કલ્પે,

હે દેવાનુપ્રિય! તે રેવતીને સત્ય, યથાર્થ, તથ્ય, સદ્ભૂત વચનોથી અનિષ્ટ, અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, અમણામ વાગરણથી ઉત્તર આપેલ છે, તો તમે આ સ્થાનની આલોચના કરો યાવત્ યથાયોગ્ય પ્રાયશ્ચિત્તને સ્વીકાર કરી, ગ્રહણ કરેલ સંલેખનાની શુદ્ધિ કરો.

ત્યારે ગૌતમે, ભગવંતની આ વાતને 'તહત્તિ' કહી. વિનયથી સ્વીકારી, પછી ત્યાંથી નીકળ્યા. નીકળીને રાજગૃહની મધ્યેથી મહાશતકના ઘેર મહાશતક પાસે આવ્યા.

ત્યારે મહાશતકે ગૌતમસ્વામીને આવતા જોયા. જોઈને હર્ષિત યાવત્ પ્રસન્નહૃદયી થઈ, ગૌતમસ્વામીને વંદન–નમન કર્યા. ત્યારે ગૌતમસ્વામીએ મહાશતકને કહ્યું –

હે દેવાનુપ્રિય! શ્રમણ ભગવન્ મહાવીર આ પ્રમાણે કહે છે, ભાખે છે, જણાવે છે, પ્રરૂપે છે કે – અપશ્ચિમ મારણાંતિક સંલેખના કરતા યાવત્ ભોજન–પાનના પ્રત્યાખ્યાન કરેલ શ્રાવકને આ રીતે કોઈને ઉત્તર આપવો ન કલ્પે. જે પ્રમાણે તમે રેવતીને સત્ય, તથ્ય યાવત્ એવો ઉત્તર આપ્યો. તો હે દેવાનુપ્રિય! તું આ સ્થાનની આલોચના કર યાવત્ પ્રાયશ્ચિત્ત કર.

ત્યારે મહાશતકે, ગૌતમસ્વામીની આ વાતને 'તહત્તિ' કહી, વિનયપૂર્વક સ્વીકાર્યું.

પછી ગૌતમ સ્વામી, મહાશતક પાસેથી નીકળીને રાજગૃહ મધ્યે જાય છે. જઈને ભગવંત પાસે જાય છે. જઈને ભગવંતને વાંદી–નમી, સંયમ–તપથી આત્માને ભાવતા વિચરે છે.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીર કોઈ દિવસે રાજગૃહ નગરથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદવિહારે વિચરવા લાગ્યા.

સૂત્ર–૫૬

ત્યારપછી મહાશતક શ્રાવક ઘણા શીલ, વ્રત, નિયમ આદિ વડે યાવત્ પોતાના આત્માને ભાવિત કરતા, આત્મશુદ્ધિ કરી. તેણે વીશ વર્ષનો શ્રમણોપાસક પર્યાય પાળ્યો.

મહાશતક શ્રાવકે અગિયાર ઉપાસક પ્રતિમાઓને સમ્યક્પણે કાયા વડે પાળીને, એક માસિકી સંલેખના વડે આત્માને ઝૂસિત કરી(તલ્લીન બનાવી), ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, આલચોના–પ્રતિક્રમણ કરીને, મૃત્યુ સમયે સમાધિ પામીને કાળમાસે કાળ કર્યો.

તેઓ સૌધર્મકલ્પમાં અરુણાવતંસક વિમાને દેવપણે ઉપજ્યો. ત્યાં તે મહાશતક દેવની ચાર પલ્યોપમની સ્થિતિ થઈ.

મહાશતક દેવ ત્યાં દેવભવનો, દેવઆયુનો અને દેવ સ્થિતિનો ક્ષય કરીને, મહાવિદેહ ક્ષેત્રે જન્મ લઈ સિદ્ધ થશે, બુદ્ધ થશે યાવત સર્વે દુ:ખોનો અંત કરશે.

આ અધ્યયનનું ઉપસંહાર વાક્ય પ્રથમ અધ્યયન સમાન જાણવું.

**અધ્યયન–૮ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

## અધ્યયન–૯, ' નંદિનીપિતા,

સૂત્ર–૫૭

નવમા અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો.

હે જંબૂ! તે કાળે, તે સમયે શ્રાવસ્તી નગરી હતી, કોષ્ઠક ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો.

તે શ્રાવસ્તી નગરીમાં નંદિનીપિતા નામે ધનાઢ્ય ગાથાપતિ હતો. તેના ચાર હિરણ્ય કોડી નિધાનમાં, ચાર હિરણ્ય કોડી વ્યાજે, ચાર હિરણ્ય કોડી ધન–ધાન્યાદિમાં રોકાયેલ હતા. દશ હજાર ગાયોનું એક એવા ચાર ગોકુળ હતા. અશ્વિની નામે પત્ની હતી.

ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. આનંદની માફક નંદિનીપિતાએ પણ ગૃહી(શ્રાવક)ધર્મ સ્વીકાર્યો.

ભગવંત મહાવીર સ્વામી અન્યત્ર વિચારવા લાગ્યા

પછી નંદિનીપિતા શ્રાવક થઈ યાવત્ વિચરવા લાગ્યો. તે નંદિનીપિતાએ ઘણા શીલ–વ્રત–ગુણ આરાધતા યાવત્ આત્માને ધર્મપ્રજ્ઞપ્તિથી ભાવિત કરતા ચૌદ વર્ષ વીતી ગયા. આનંદ શ્રાવકની જેમ તેને પણ મોટા પુત્રને પોતાના સ્થાને સ્થાપ્યો, ધર્મ પ્રજ્ઞપ્તિ સ્વીકારી.

વીશ વર્ષ શ્રાવક પર્યાય પાળ્યો. અરુણગવ વિમાને ઉત્પન્ન થયા , મહાવિદેહે મોક્ષ થશે.

**અધ્યયન–૯ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ**

# અધ્યયન– ૧૦ 'સાલિહીપિતા'

સૂત્ર–૫૮

દશમાં અધ્યયનનો ઉત્ક્ષેપ કહેવો.

તે કાળે, તે સમયે શ્રાવસ્તી નગરી હતી , કોષ્ઠક ચૈત્ય હતું, જિતશત્રુ રાજા હતો.

તે શ્રાવસ્તી નગરીમાં સાલિહીપિતા નામ ધનાઢ્ય ગાથાપતિ વસતો હતો. તેના ચાર હિરણ્ય કોડી નિધાનમાં, ચાર હિરણ્ય કોડી વ્યાજે, ચાર હિરણ્ય કોડી ધન–ધાન્યાદિમાં પ્રયુક્ત હતા. તેને દશ હજાર ગાયોનું એક એવા ચાર ગોકુળ હતા. તેને ફાલ્ગુની નામે પત્ની હતી.

ભગવંત મહાવીર સ્વામી પધાર્યા. આનંદની માફક સાલિહીપિતાએ ગૃહી(શ્રાવક)ધર્મ સ્વીકાર્યો.

કામદેવશ્રાવકની માફક મોટા પુત્રને પોતાને સ્થાને સ્થાપીને પૌષધશાળામાં શ્રમણ ભગવંત મહાવીરની ધર્મપ્રજ્ઞપ્તિ સ્વીકારીને વિચરે છે. માત્ર તેને ઉપસર્ગ ન થયો,

અગિયારે ઉપાસક પ્રતિમા પૂર્વવત્ કહેવી. કામદેવના આલાવાથી સર્વ વૃતાંત જાણવો યાવત્ સૌધર્મ કલ્પમાં અરુણકીલ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં તેમની ચાર પલ્યોપમ સ્થિતિ હતી.

દેવાલોકનું આયુષ્ય પૂર્ણ કરીને તે મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષે જશે

અધ્યયન–૧૦ નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# પરિશિષ્ટ

**સૂત્ર–૫૯ થી ૭૨**

૫૯. દશે શ્રાવકને પંદરમાં વર્ષમાં વર્તતા વિચાર આવ્યો. દશેનો વીશ વર્ષનો શ્રાવક પર્યાય. હે જંબૂ! આ પ્રમાણે શ્રમણ યાવત્ સંપ્રાપ્તે ઉપાસક દશાનો આ અર્થ કહ્યો છે.

૬૦. ઉપાસક દશા, સાતમા અંગનો એક શ્રુતસ્કંધ, દશ અધ્યયન, એકસરા છે, દશ દિવસમાં ઉદ્દેશો કરાય છે, પછી શ્રુતસ્કંધનો સમુદ્દેશ અને અનુજ્ઞા બે દિવસમાં થાય છે. તે જ રીતે અંગનું જાણવું.

૬૧. એક વાણિજ્ય ગ્રામે, બે ચંપામાં, એક વારાણસીમાં, એક આલભિકામાં, એક કાંપિલ્યપુરમાં જાણવા

૬૨. એક પોલાસપુરે, એક રાજગૃહે, બે શ્રાવસ્તીમાં થયા. આ ઉપાસકોના નગરો જાણવા યોગ્ય છે.

૬૩. પત્નીના નામો અનુક્રમે – શિવાનંદા, ભદ્રા, શ્યામા, ધન્યા, બહુલા, પુષ્યા, અગ્નિમિત્રા, રેવતી, અશ્વિની, ફાલ્ગુની હતા.

૬૪. અવધિજ્ઞાન, પિશાચ, માતા, વ્યાધિ, ધન, ઉત્તરીય, સુવ્રતા ભાર્યા, દુર્વ્રતા ભાર્યા અને બે શ્રાવક નિરુપસર્ગ હતા.

૬૫. અરુણ, અરુણાભ, અરુણપ્રભ, અરુણકાંત, અરુણશિષ્ટ, અરુણધ્વજ, અરુણભૂત, અરુણાવતંસક, અરુણગવ, અરુણકિલે ઉત્પત્તિ.

૬૬. ૪૦, ૬૦, ૮૦, ૬૦, ૬૦, ૬૦, ૧૦, ૮૦, ૪૦, ૪૦ હજાર ગાયો.

૬૭. ૧૨, ૧૮, ૨૪, ૧૮, ૧૮, ૩, ૨૪, ૧૨, ૧૨ હિરણ્ય કોડી.

૬૮. ઉલ્લણ, દાંતણ, ફળ, અભ્યંગ, ઉદ્વર્તન, સ્નાન, વસ્ત્ર, વિલેપન, પુષ્પ, આભરણ, ધૂપ, પેય,

૬૯. ભક્ષ્ય, ઓદન, સૂપ, ઘી, શાક, માધુર, જમણ–અન્નપાન, તંબોલ એ ૨૧ અભિગ્રહ આનંદાદિના હતા.

૭૦. ઉર્ધ્વે સૌધર્મકલ્પ, અધો રૌરવ, ઉત્તરે હિમવંત, બાકીની ત્રણે દિશામાં ૫૦૦ યોજન સુધી દશેનું અવધિજ્ઞાન હતું.

૭૧. દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, કાયોત્સર્ગ પ્રતિમા, અબ્રહ્મ–સચિત્ત–આરંભ–પ્રેષ્ય–ઉદ્દિષ્ટવર્જન, શ્રમણભૂત આ ૧૧–પ્રતિમા,

૭૨. ૨૦ વર્ષ પર્યાય, માસિકી અનશન, સૌધર્મકલ્પે ચાર પલ્યોપમની સ્થિતિ, બધા શ્રાવકો મહાવિદેહે મોક્ષે જશે.

## [૭] ઉપાસકદશાનો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [१] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [२] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [३] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [૪] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [૫] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ DVD તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– **1. www.jainelibrary.org** **2. deepratnasagar.in**
ઈમેલ એડ્રેસ:– **jainmunideepratnasagar@gmail.com** મોબાઈલ **09825967397**

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
**Post:** – ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, **India. [Pin- 36**1120**]**

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ– ૭

# ઉપાસકદશા

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


વેબ સાઈટ:- (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397